Reg. No. B. 876
શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૨ જું. સને ૧૯૧૧. ફેબ્રુઆરી. અંક ૧૧ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,
શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ "અમારે કાર્ય કરવાનું" | ૩૨૧ | ૬ નીતિ વચનામૃતો. ... | ૩૩૯ |
| ૨ દીલનું દર્દ ટાળી શકાય છે. | ૩૨૨ | ૭ બળ પ્રાપ્તિ. ... ... | ૩૪૧ |
| ૩ જૈન ઐતિહાસિક ચર્ચા. | ૩૨૮ | ૮ કર્મ પ્રકરણ. ... ... | ૩૪૯ |
| ૪ વિદ્યાર્થીના ધર્મ. ... | ૩૩૧ | ૯ બોર્ડીંગ પ્રકરણ. ... | ૩૫૫ |
| ૫ સાદુ જીવન. ... | ૩૩૫ | ૧૦ લવાજમની પહોચ. ... | ૩૫૬ |



### નિર્ણય સાગર પ્રેસની ઉત્તમ છાપવાળા.

**૧ જૈન શીલસુરી સમજવાનો માર્ગ દર્શાવનાર.**

**શ્રી વિનય વિજય ઉપાધ્યાય કૃત.**

## નયકર્ણિકા.

**( કર્તા જીવન અને સાત નયપર વિસ્તારથી વિવેચન સાથે )**

**કીંમત માત્ર રૂ. ૦-૬-૦.**

---

**૨. શ્રી જીનમંદિરે જીન પ્રભુનું ઉત્તમ રીતે દર્શન કરાવનાર.**

**જૈનશાળાઓમાં ખાસ ઉપયોગી.**

## શ્રી જીનદેવ દર્શન.

**( વિધિ, હેતુ, વિવેચન સહિત )**

**કીંમત માત્ર રૂ. ૦-૩-૦** લખો.

મોહનલાલ દ. દેશાઈ.

બી. એ. એલ એલ. બી. વકીલ હાઇકોર્ટ,

પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇ.

**અભિપ્રાય**—શ્રી જીનદેવ દર્શન નામનું પુસ્તક વાંચ્યું. સંયોજકે સારી મહેનત કરી છે અને તેના ઉદ્દેશો સારી રીતે જાળવ્યા છે. લેખક. શાહ. મોહનલાલ દલીચંદ દેશાઇ છે. જીન પ્રભુનાં દર્શન કરનારને આ ગ્રંન્થ વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

લિ. બુદ્ધિસાગર.

ભેટ. ભેટ.

## સ્ત્રીકેળવણી અને સદ્વર્તન.

કપડવણજવાળા શા. માહાસુખરાંમ લલ્લુભાઇની અ. સૌ. દીકરી ચંપાના સ્મરણાર્થે છપાયેલ **સ્ત્રીકેળવણી** અને **સદ્વર્તન** નામનુ પુસ્તક જૈન શાળાઓને તેમજ સ્ત્રીવર્ગને મફત આપવાનુ છે. પોસ્ટેજની ટીકીટ અર્ધા આનો બીડી આપવી.

લખો-**બુદ્ધિપ્રભા ઓફીસ.**

નાગોરીશરાહ—**અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय—भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૨ જું. તા. ૧૫ મી ફેબ્રુવારી. સન ૧૯૧૧ અંક ૧૧ મો.

## कव्वाली.

### " અમારે કાર્ય કરવાનું "

ભલું કરતાં ભલું થાશે, ભલું દેશો ભલું લેશો;
ભલામાં ભાગ લેવાનું. અમારે કાર્ય કરવાનું. ૧
વિચારો આપવા સારા, ધરી ઊદાર વૃત્તિને;
ઘણાનાં દુઃખ હરવાનું. અમારે કાર્ય કરવાનું ૨
કર્યાથી દાન બહુ બધતી, મળેલી શક્તિયો સર્વે;
ખરૂં દૃષ્ટાન્ત ઉદધિનું. અમારે કાર્ય કરવાનું. ૩
મળ્યું જે વિત્ત માટી તે, કદાપિ તે ન રહેવાનું.
વિવેકે ભવ્ય જીવોનું. અમારે કાર્ય કરવાનું. ૪
મળ્યું તે આપવું સહુને, સકલનો હક્ક છે તેમાં;
જુઓ દૃષ્ટાન્ત જગમાંહિ. અમારે કાર્ય કરવાનું. ૫

સકલને સુખ છે વ્હાલું, સકલને દુઃખ નહિ વ્હાલું;
સકલને પૂર્ણ સુખકારક. અમારે કાર્ય કરવાનું. ૬
મળે શું રાવની પદવી, રહે નહિ સાથ પદવીઓ,
તજી પદવીતણી ઇચ્છા. અમારે કાર્ય કરવાનું. ૭
મુસાફર સહુ મનુષ્યો છે, અરે મેમાનના મેળા;
પરસ્પર શાન્તિ દેવાનું. અમારે કાર્ય કરવાનું. ૮
ખરાં સુખડાં મળ્યાં પણ તો, ખરી સ્થિરતા નથી થાતી.
ઉપાયો સર્વ દેવાનું. અમારે કાર્ય કરવાનું. ૯
લઈશું ને દઈશું સુખ, પરસ્પર ઉન્નતિ કરશું,
ઉદયવૃદ્ધિ ખરી લેખી. અમારે કાર્ય કરવાનું ૧૦
હરીશું ચિત્તના રોગો, હરાવીશું ઉપાયોથી;
જગત્માં જન્મીને પ્રેમે. અમારે કાર્ય કરવાનું. ૧૧
સકલનું સંહરી પોતે, કદી નહિ શ્રેષ્ઠ થાવાનું;
ખરુ તે સુખ અન્તરમાં. અમારે કાર્ય કરવાનું. ૧૨
કરો વાંચી મનન તેનું, ઉતારો દીલમાં સઘળું;
બુદ્ધ્યબ્ધિ મંગલો માટે. અમારે કાર્ય કરવાનું. ૧૩

---

## " दीलनुं दर्द टाळी शकाय छे "

( લેખક. મુનિશ્રી બુદ્ધિસાગરજી મુ. ભાઇન્ડર )

કોઇનું માથું દુઃખે છે તો તેનો નાશ, ઔષધથી થાય છે. તેમજ કોઇના પેટમાં દુઃખે છે તો તેનો પણ ઉપાય છે. આંખના રોગો ટાળવાને માટે ઘણા દાકતરો અનેક ઉપાયો કરી વિજય પામ્યા છે અને પામે છે તેમજ પામશે. જગત્માં જેટલા રોગો છે તેટલાને નાશ કરવાના ઉપાયો શોધાય છે અને તેમાં ઘણે અંશે વિજય મળે છે. ગ્રન્થિકજ્વર, સન્નિપાત ( પ્લેગ ) નો રોગ હિંદુસ્થાનમાં શ્રીમુનિસુંદરસૂરિ મહારાજના વખતમાં પન્નરમા સૈકામાં હતો તેના પણ પૂર્વે તથા હાલ ઔષધો, મંત્રો વગેરે ઉપાયો શોધાય છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે દરેક રોગનાં ઔષધો તથા તેને નાશ કરવાના ઉપાયો જગત્માં ઘણા હોય છે પણ જ્ઞાનચક્ષુ ખોલ્યા વિના તે જણાતા નથી. જે જે મનુષ્યો જે જે કાર્યોને માટે ઉદ્યમ કરે છે તે તે કાર્યોના ઉપાયોને તે

શોધી કહાડે છે; બાહ્ય શરીરના રોગોને નિવારવા માટે જેમ ઔષધો છે તેમ મનમાં થતા રાગ, દ્વેષ, ઇર્ષ્યા ચિન્તા આદિ રોગોનો નાશ કરનારાં પણ ઔષધો છે. બાહ્ય શરીર નિરોગી અને મજબુત હોય છે તોપણુ તેવો મનુષ્ય મનના રોગથી પીડાય છે અને ટાંટીયા ઘસે છે. હાય, હાય કરતો જ્યાં ત્યાં ભટકયા કરે છે તેવા મનુષ્યને પુછીએ કે કેમ સુખી છો કે ? ત્યારે તે કહેશે કે ભાઇ સુખ નથી. અરે હું તો બળી મુઉં. કોઇ લક્ષાધિપતિ શેઠીયાને પુછો કે કેમ હાલ તમને આનંદ વર્તે છે ? ત્યારે કહેશે કે ભાઈ આનંદનાં સ્વપ્ન પણ આવતાં નથી. મારા ઘેર પુત્ર નથી, અરેરે મારી લક્ષ્મી કોણ ખાશે. અન્ય સગાંઓ મારી લક્ષ્મીના વારસ બને તે હું ઇચ્છતો નથી. અરે! હવે શું કરૂં કયાં જાઉં; ઘણાં ઔષધો તથા ઘણા મંત્ર કર્યાં પણ હજી કંઇ થયું નથી. ઘરમાં સ્ત્રી હાયવરાળ કરે છે, સુખે કરી ખાતી પણ નથી. કયાં જાઉં, કોને કહું, અરેરે ! હવે શું થશે. આ પ્રમાણે બાહ્યથી નિરોગી છતાં દુઃખની અગ્નિને શબ્દધૂમાડાથી જણાવે છે. ફલાણા ગાડીમાં બેસનારા શેઠિયા કે જેની ઉમર વીશ વર્ષની લગભગ છે, જેના શરીરે ગૌરતા વ્યાપી રહે છે, ઘોડાઓને મારી ગાડીને ધમધમ દોડાવે છે, પત્થરને પાટુ મારે તો પત્થરને તોડી નાખે તેવી શક્તિ છે. લાખો રૂપૈયાનું ધન છે, હજારો સેવકો આજીજી કરે છે. આંખે ચશ્માં ઘાલી દેખતાં છતાં પણ ભભકામાં અંજાવા ઠાઠ સજે છે, તેને પુછીએ કે કેમ ભાઈ ! ખાવાનું તો સારી રીતે મળે છે ને ! ત્યારે કહેશે કે એમાં શું પુછવું ! ખૂબ પાન ચાવો છો, ત્યારે કહેશે કે અમારે શી ખોટ છે ? પણ તેનાં મનનાં દુઃખો તપાસીએ તો માલુમ પડશે કે તેને મહાન્ ઇલ્કાબની ઇચ્છાઓએ ઘેર્યો હોય છે. સરકારમાં સી, આઇ. ઇ. રાવ. સર નાઇટ આદિની પદવીઓ મેળવવા સરકારને હજારો રૂપૈયાની સખાવત કરવી કે કેમ તેના વિચારમાં પડયો છે, મ્હારી જ્ઞાતિ મને કેવો કહેશે ? તેની ચિંતામાં ખૂબ નિમગ્ન થાય છે; મુખ્ય અમલદારોની કેવી રીતે પ્રસન્નતા મેળવવી તેના સંબંધી અનેક ચિન્તાઓ કરે છે. હજારો રૂપૈયાની લક્ષ્મીના લોભે પદવીનાં પુચ્છો હવે મળશે કે કેમ તેનો વિશ્વાસ નહીં આવવાથી લક્ષ્મી ઓછી થવાની ચિન્તા કરે છે. શી રીતે માનની ભિક્ષા માગું તેની રીત શિખીને તે મોટાઓનું મન મેળવવા અનેક પ્રકારની આજીજી કરે છે. પદવીની ભિક્ષા મળતાં પોતાના મનમાં ફુલાય છે. જ્ઞાતિ, કોમ અને ધર્મિંઓના ભલા માટે ઉપર ઉપરથી આપ્યું ન આપ્યું જેવું કહી છબરડા વાળે છે. જ્યાં ત્યાં માનની ઇચ્છાઓ માટે દોડે છે, પદવી વગેરેની ઇચ્છાઓમાં વિઘ્ન આવે છે

તો ખાનગીમાં ઢોલીઆમાં પડીને અનેક ચિન્તાઓ કરે છે. ઉંઘવા મહેનત કરે છે તો પુરી ઉંઘ પણ આવતી નથી. તેથી તેની તબીયત બગડવાથી ડાક્તરોનાં ખીસ્સાં તર થાય છે. આ બધાનું કારણ મનમાં થતી ફોગટ ચિન્તાઓજ જણાય છે. અમુક શેઠને પુછીએ કે કેમ શેઠ ! ખુશીમાં છોને ? ત્યારે કહેશે કે ખુશી ક્યાંથી લાવીએ ! શેઠને મનમાં રોગ થવાથી ખુશી જણાતા નથી. તેના મનનો રોગ તપાસતાં માલુમ પડે છે કે તેને બધાંની લક્ષ્મીને પડાવીને પોતાને હોઇયાં કરવાનો વિચાર થયો છે. બીજાઓના ભાગ કેવી રીતે પોતાને લેઇ લેવા તેની બાબતમાં ધવલશેઠની માફક અનેક જાતની ચિન્તાઓને કરે છે. ભાઇઓને કેવી રીતે સમજાવી પોતાની નેમ પુરી પાડવી તેના વિચારમાં તે રાત્રી દીવસ ઉંઘતો પણ નથી. અનેક તર્કટો ઉભાં કરવાના વિચારોમાં પગ ઘસતાં છતાં પણ નિન્દ્રાદેવી આવતી નથી. પોતાના કાર્યમાં વિઘ્નો આવતાં તે કપાળે હાથ દેઇ ગરીબ જેવો બની અનેક જાતના શોક કરે છે. આવી તેના મનના રોગની સ્થિતિમાં તેને સુખનું સ્વપ્ન પણ ક્યાંથી આવી શકે. ઘરમાં વાજુ વગાડી ગાયનોને લલકારતા યુવાનને પુછીએ કે કેમ મહેરબાન તમે બહુ સુખી દેખાઓ છો. ત્યારે તે કહેશે કે યાર અમે તો બહુ સુખશબ્દ માત્ર સાંભળીએ છીએ. તેના હૃદયના રોગને તપાસતાં માલુમ પડશે કે તે અનેક પ્રકારના ધંધાઓને શોધવા રાત્રી દીવસ અનેક જણાઓની સાથે વાતોના ગપાટા માર્યા કરે છે. આગળ પાછળના સંયોગોનો વિચાર કરી ગરીબજેવું મુખ કરી દે છે. ઘડીમાં જાણે બધું પ્રાપ્ત થયું હોય તેવો સુખનો ચ્હેરો કરે છે, ઘડીમાં હાય કરી નિસાસા નાંખે છે, ઘડીમાં અનેક મનુષ્યોને અન્ય બ્હાને પોતાના સ્વાર્થની વાત પુછે છે. ઘડીમાં જાણે તેના મનમાં કાંઇ હોય જ નહીં એવો સ્વજનો આગળ દેખાવ કર્યા કરે છે પણ એકાંતમાં બેસતાં પાછા તેનાતેજ ચિંત્તાના વિચારો તેને ઘેરી લે છે. કલાકો ને કલાકો તેમાં પસાર કરે છે. કોઇ શિખામણ આપે કે તું ઘણી ચિંતા કરીશ તો ગાંડો થઇ જઇશ. ત્યારે કહે છે કે અમને ચિંત્તા શું કરનાર છે. પણ હૃદયમાં જાણે છે કે હું જે કરૂંછું તેની અન્યોને ખબર પડે છે. ત્યારે વળી વિચારે છે કે મારી વાત મેં અમુક મનુષ્યોની આગળ કહી હતી અને આ પુરૂષે શી રીતે જાણી. તે વખતે પોતાના સંબંધીઓનો વ્હેમ કરશે. વળી તેમાંથી અન્ય ચિંત્તાઓ પ્રગટવાની એમ તે ચિંત્તાઓના વિચારોને રાત્રી દીવસ કર્યા કરે છે અને અંતે શરીરમાં પણ રોગો પ્રગટાવે છે. આ સર્વનું કારણ મનમાં થતી અનેક આશાઓ તેજ દર્દ છે. અમુક શેઠને પુછીએ કે કેમ શેઠ !

આનંદ છેને ? ત્યારે શેઠ કહેશે કે ભાઇ આનંદનાં કોઇ ઠેકાણે ઝાડ નથી કે જેથી આનન્દ પ્રાપ્ત કરી શકીએ. તે શેઠના મનના રોગો તપાસતાં માલુમ પડે છે કે—તેનો એકનો એક પુત્ર છે અને તે મૂર્ખ છે, અનેક પ્રકારના વ્યસનોમાં સપડાયો છે. વેશ્યાઓનાં ઘર ભરે છે. ઘરના ખૂણા ખાલી કરે છે. દારૂના બાટલા ચડાવે છે ઐરીને મારે છે. સટ્ટાઓ કરી લક્ષ્મીનો નાશ કરે છે, પોતાનું કહ્યું તે પુત્ર માનતો નથી. પિતાની શિખામણને વિષજેવી ગણે છે, પોતાના સામું બોલે છે, કાંણી ઘોડી ને કરડકણીની પેઠ વૃત્તિ ધારણ કરે છે, સાધુઓ પાસે જવાનો ઉપદેશ આપતાં પિતાને ધિક્કારે છે. આથી પિતાના મનમાં શરીરે નિરોગી છતાં અનેક પ્રકારની ચિન્તાઓ ઉઠે છે. એક પ્રકારનો શોક સમતાં અન્ય શોક મનમાં દાખલ થાય છે, આથી પિતાનું મુખ રાંક જેવું દેખાય છે. અનેક પ્રકારના શોકથી તે હૃદયમાં ને હૃદયમાં બળે છે. મનમાં વિચારે છે કે પુત્રજ ન થયો હોત તો સારૂ. વળી પરમેશ્વર પાસે અજ્ઞાનપણાથી માગણી કરે છે કે હે પરમેશ્વર ! મ્હને કોઇ વખત પુત્ર આપીશ નહીં. શેઠની આવી દુઃખની સ્થિતિનું કારણ તપાસીએ તો તેમના મનમાં થતા શોકનુંજ નામ આપવું પડશે.

ખુરશીપર લમણે હાથ દેઈ બેસનાર પેલા જુવાનીઆને પુછીએ કે કેમ ભાઇ ! આનંદમાં છોને ? ત્યારે તે ઉપરથી લોકોને આનંદ બતાવવા કહેશે કે અમારે સદા આનન્દ છે. પણ તેના હૃદયમાં ઉતરી તપાસ કરીએ છીએ તો અનેક પ્રકારની વાસનાઓથી તેનું ચિત્ત જલવિહીન માછલાની પેઠે દુઃખથી ટળવળે છે, અમુક સ્ત્રીની સુંદરતાથી તેને મેળવવાના અનેક પ્રકારના ઉપાયોને મનમાં ગોઠવે છે. તે સ્ત્રીનો સંબંધ થવા માટે રાત્રી અને દીવસ અનેક પ્રકારની ઝંખનાઓ કરે છે કોઇ પણ બાબતમાં તેનું ચિત્ત લાગતું નથી. અપકીર્તિનો ભય લાગે છે, મરણનો ભય લાગે છે તોપણ તે ખાનગીમાં કાગળો મંગાવે છે અને પાછા લખે છે. ઉપરથી કોઈ પણ ન જાણે તેવો ડોળ કરે છે, કદાપિ કોઇ જાણે એવો વહેમ લાગે છે તો તેને પણ ફસાવવા પ્રયત્ન કરે છે. પોતાની લક્ષ્મીનો ખાનગીમાં વ્યય કરે છે. ઉપરથી એવો ડોળ કરે છે કે જાણે તે બાબતમાં કંઇ પણ જાણતો નથી. મનમાં વારંવાર કામના વિચારોથી બળ્યા કરે છે. આવી તેની સ્થિતિને દેખતાં તેના રોગ માટે ઉત્તમ પુરૂષોને દયા ઉપજે છે. રાજ્ય, લક્ષ્મી, સત્તા, વૈભવ, નોકરી, પદવી, મોટાઇ, કીર્તિ, આહાર, વિહાર, વિષય, સુખો વગેરે બાબતોની ચિન્તાઓરૂપ ચિતાઓ રાત્રીદીવસ જે મનુષ્યોના મનમાં સળગ્યા

કરે છે તેને ક્યાંથી સુખ હોય; અલબત ન હોય. મનમાં થતી ચિન્તા અને શોકની અસર શરીરપર પણ થયા વિના રહેતી નથી.

મનુષ્યોના મનમાં ભય નામનો રોગ હોય છે તેથી મનુષ્ય નિરોગી છતાં પણ સુખથી પરાઙ્મુખ રહે છે. રાજ્યભય. દેશભય. કીર્તિભય અપકીર્તિભય, દેવભય, અકસ્માતભય—રોગભય—મરણભય આદિ અનેક પ્રકારના ભયથી મનમાં અનેક પ્રકારની ચિન્તાઓ પ્રગટે છે—રાજ્યથી વિરૂદ્ધ કોઇ જાતનું કાર્ય કરનારાઓને સરકાર તરફથી પકડાવવાનો અને સજા પામવાનો ઘણો ભય રહે છે. રાજ્યવિરૂદ્ધ કાર્ય છુપાવાને અનેક પ્રકારના પ્રપંચો ગોઠવવાની ધ્રુજતા હૃદયે ચિન્તાઓ કરવી પડે છે—તે ચિન્તાઓનો હૃદયમાં એવો તો સજ્જડ સંસ્કાર પડે છે કે તેથી ઉંઘમાં પણ ભયનાં સ્વપ્નો આવે છે—ઉંઘમાં પણ જરામાત્ર નિરાંત વળતી નથી—અમુક પ્રકારની જ્ઞાતિવાળા અમલદારને પુછો કે તમે આનન્દમાં છો ? જો કે તેના મનમાં આનંદ ન હોય તોપણ તે આનંદમાં છે એવું જણાવવા ડોકું ધુણાવે છે અને હાસ્ય વદનની પ્રતિનકલ કરે છે પણ જો તેના હૃદયની તપાસ કરવામાં આવે છે તો તેણે લોકો પાસેથી જે લાંચો લીધી હોય છે તેથી તે બહાર પડશે તો ખરાબ થવાનો ભય રાખે છે—લાંચો તેના પ્રતિપક્ષીઓ ન પકડી પાડે તે માટે અનેક પ્રકારની કુયુક્તિઓ કેળવે છે—દુઃખદ પ્રસંગે સામાન્ય નોકરની દાઢીમાં હાથ ઘાલતો માલુમ પડે છે—આ શું—મનનો રોગ નથી? અલબત તે મનનો રોગ છે—પોતાની સર્વત્ર કીર્તિ પ્રસરેલી છે. એવા એક આબરૂદાર પુરૂષને પોતાની કીર્તિનો નાશ થાય તેવા પ્રસંગે અત્યંત મનમાં કીર્તિભય ઉત્પન્ન થાય છે—તેની ઉપરની પ્રસન્નતા વેશ્યાના સન્માનજેવી દેખાય છે—કોઈ મુનિરાજ જગતમાં બ્રહ્મચર્યથી પ્રસિદ્ધ છે તેના ઉપર તેના પ્રતિપક્ષી મનુષ્યો ભ્રષ્ટપણાનો જ્યારે આરોપ મૂકે છે—ત્યારે તેઓ પોતાનું બ્રહ્મચર્ય લોકોને અખંડિત જણાવવા કીર્તિભયના લીધે સાક્ષીઓ બનાવે છે—લોકોની આગળ પોતાનું ખરૂં સ્વરૂપ જણાવવા અનેક પ્રકારના પુરાવા હાજર કરે છે—અનેક પ્રકારની ચિન્તા કરે છે. બરાબર ઉંઘ પણ લેઇ શકતા નથી. શરીરે પણ દુર્બલ પડી જાય છે—જેમ જેમ જગતની આગળ પોતાના બ્રહ્મચર્યની વાત જણાવે છે તેમ તેમ જગત્ પણ મુનિની આવી પ્રવૃત્તિના લીધે શંકામાં પડે છે અને પોતાનો હેતુ બરાબર પાર પડેલો ન જોઇ અત્યંત શોકાતુર બને છે—વિચારો કે નિર્દોષી એવા મુનિવરને પણ મનમાં કીર્તિના ભયનો કેવો રોગ લાગુ પડી તેમના જીવનની ખરાબ દશા કરે છે—રાજા—શેઠ સાધુ વગેરે પોતાની અપકીર્તિના ભયથી રાત્રી અને દીવસ મનમાં બળ્યા કરે છે—

ને ઠેઠ મૃત્યુપર્યંતની અવસ્થાને પામે છે—બંધુઓ ! વિચારો કે મનમાં ઉત્પન્ન થતા અપકીર્તિભયરોગથી કેવાકેવા પ્રકારનાં દુઃખ થાય છે. અહો ! આ જગત્‌માં શરીરના રોગો કરતાં મનના રોગોની કેટલી બધી પ્રબલતા છે ? અહો દેવતાનો ભય પણ મનુષ્યોના મનમાં અનેક પ્રકારની ધ્રુજરીઓને ઉત્પન્ન કરે છે—કેટલાક મનુષ્યો ભૂત પ્રેત પિશાચ ચૂડેલ જન વગેરેના ભયથી રાત્રીમાં કંપી ઉઠે છે—કેટલાક તો રાત્રીમાં ભયના ઠેકાણેથી પસાર થતાં ભયના લીધે ઉંચાસ્વરે કોઈ ગાયન લલકારતા પગપછાડતા અને ધોકા પછાડતા માલુમ પડે છે કદાપિ તેમ છતાં દેવભયથી બીએ છે અને તેના મનમાં થતી ભયની અસરથી તાવ વગેરે રોગના ભોગ થઇપડે છે. આવા અનેક પ્રકારના દેવભયથી મનુષ્યોના મનમાં ચિન્તા, શોક આદિ રોગોનો પ્રવેશ થતાં ઝાંઝવાના જલની પેઠે સુખની પણ આશા બંધાય છે. અર્થાત્ તેવા મનના રોગીઓ સુખથી દૂરને દૂર રહે છે—મનુષ્યોના મનમાંઅકસ્માત્—વિજળી વગેરેનો ભયરોગ રહેલો છે—તેથી તેની છાતી અનાદિ કાળની ભય સંજ્ઞાને લીધે ધડકે છે—તેથી તે બાહ્યથી નિરોગી છતાં અન્તરમાં રોગી રહે છે—મનુષ્યોના મનમાં અનેક પ્રકારના રોગનો ભય ઉત્પન્ન થાય છે—પ્લેગ આદિ રોગો નજીકના પ્રદેશોમાં સાંભળતાં મનમાં ભય નામના રોગથી કંપારી છૂટે છે અને મનમાં તતસંબંધી અનેક પ્રકારની ચિન્તાઓ ઉત્પન્ન થતાં ચિત્તની સ્થિરતા રહેતી નથી અને તેથી આનન્દના પ્રદેશથી દૂર રહેવાય છે. આ પ્રમાણે મનમાં રોગ થતાં મનની ખરાબ દશા થાય છે—તેમ જ મનુષ્યોના મનમાં અમુક વખતે મરણ થશે એવા મૃત્યુભયથી શરીરમાં કંપારી છૂટે છે—અરે ! શું થશે. ક્યાં જાઇશ વગેરે શોકની લાગણીઓ ચારે તરફથી ઘેરી લે છે—તેનું મન ઠેકાણે રહેતું નથી—મૃત્યુભયથી થરથર કંપે છે. મૃત્યુના સમાન કોઇ ભય નથી. આ પ્રમાણે મનમાં ઉત્પન્ન થતા ભયરોગના દર્દથી આત્મિક તેમજ પાદ્ગલિક એ બે પ્રકારમાંનું કોઇ સુખ અનુભવાતું નથી અને ભયરોગની અસરથી શરીરની નિર્બલતા વૃદ્ધિ પામે છે અને શરીરના અમુક રોગો પણ પ્રગટી નીકળે છે માટે મનમાં ઉત્પન્ન થતા ભયરોગનું ઔષધ કરવાની જરૂર છે.

સંપૂર્ણ.

# जैन ऐतिहासिक चर्चा.

( લખનાર—મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ. એલ્. એલ્. બી. )

વિ. વિ. જે બુદ્ધિપ્રભાના વર્ષ ૨ ના અંક ૯ માં આવેલ લેખ નામે 'જીર્ણ લેખના આધારે ઐતિહાસિક વિષય' વાંચ્યો અને આનંદ સંપ્રાપ્ત થયો. આવા ઐતિહાસિક લેખો જેમ જેમ વિશેષ બહાર આવશે અને તે વળી બારીક અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ બિના સાધે, તો જૈન ઇતિહાસનાં છૂટાં છવાયાં પ્રકરણો શૃંખલાબદ્ધ શ્રેણીમાં આવી અખંડ ઐતિહાસિક ગ્રંથ મેળવવા ભાગ્યશાળી થઇશું.

મુનિશ્રી બુદ્ધિસાગરજીએ પહેલાં કેટલીક તવારીખ ઉપરના લેખમાં આપેલ છે અને પછી હીરવિજયસૂરિથી જરા વિસ્તારપૂર્વક લખી જે પરિશ્રમ સાધ્યો છે તે માટે તેમને અવશ્ય ધન્યવાદ ઘટે છે; આવું અનુકરણ હાલના વિદ્યમાન પંડિત મુનિવરો અચૂક કરશે તો જનસમાજપર ઉપકાર થશે.

હવે ઉક્ત લેખ તપાસીએ, તેમાંના બીજા ભાગમાં યતિની બૃહત્ પટ્ટાવલિનો આધાર ટાંકેલ છે, તો તે આધાર અક્ષરશઃ ટાંકી ચર્ચા ઉપસ્થિત કરાઇ હત તો વિશેષ અજવાળું પડતાં બહુ ઉપયુક્ત થાત. ઉપરની તે પટ્ટાવલિ હાલમાં પાટણમાં વસતા સૂરિ પાસે છે તે અખંડ અક્ષરશઃ છપાશે એવી આશા રાખવામાં આવે છે; તેથી તેમ કરવા પરિશ્રમશીલને વિજ્ઞપ્તિ છે.

તે લેખમાં લખ્યું છે કે શ્રીવિજયપ્રભ સૂરિને શ્રી સત્યવિજયગણીએ ન વાંદ્યા અને સામા પડી કાથીયાં વસ્ત્ર ધારણ કર્યાં એમ યતિની બૃહત્ પટ્ટાવલિમાં જોવામાં આવે છે, પણ તે ઉપર સત્યવિજયજીનું નિર્વાણ જોતાં નિશ્ચય રહેતો નથી." આ કથનમાં શું સત્ય છે તેનું સમર્થન કરવા શ્રીવીરવિજયજી કે જે શ્રીસત્યવિજયજીના સંતાનમાંજ છે તેમણે ઉપરના સંબંધમાં ઘણું સારૂં અજવાળું પાડે તેવી પ્રશસ્તિ સંવત્ ૧૮૯૬ માં લખે છે તો તે લઇએઃ—

તપગચ્છ કાનન કલ્પતરૂ૫મ, વિજયદેવ સૂરિરાયાજી;<br>
નામ દશોદિશ જેહનું ચાવું, ગુણીજન વૃંદે ગવાયાજી.<br>
વિજયસિંહ સૂરિ તસ પટધર, કુમતિ•મતંગજ સિંહોજી,<br>
તાસ શિષ્ય સુર પદવી લાયક, લક્ષણ લક્ષિત દેહોજી. ૧<br>
સંઘ ચતુર્વિધ દેશ વિદેશી, મલિયા તિહાં સંકેતેજી;<br>
વિવિધ મહોત્સવ કરતા દેખી, નિજ સૂરિપદને હેતેજી,

પ્રાયે શિથિલપણું બહુ દેખી, ચિત્ત વૈરાગે વાસીજી,
સૂરિવર આગે વિનય વિરાગે, મનની વાત પ્રકાશીજી. ૨
"સૂરિ પદવી નવિ લેવી સ્વામિ ! કરશું કિરિયા ઉદ્ધારજી"
કહે સૂરી "આ ગાદી છે તુમશિર, તુમ વશ સહુ અણગારજી"
એમ કહી સ્વર્ગ સધાવ્યા સૂરિવર, સંઘને વાત સુણાવીજી,
સત્યવિજય પન્યાસની આણા, મુનિ ગણમાં વરતાવીજી ૩
સંઘની સાથે તેણે નિજ હાથે, વિજયપ્રભ સૂરિ થાપીજી;
ગચ્છ નિશ્રાએ ઉગ્રવિહારી, સંવેગતા ગુણ વ્યાપીજી,
રંગિત ચેલ લહી જગ વંદે, ચૈત્યધ્વજતઓ લક્ષીજી,
સૂરિ પાઠક રહે સન્મુખ ઉભા, વાચક જશ તસ પક્ષીજી. ૪
મુનિ સંવેગી ગૃહી નિર્વેદી, ત્રીજો સંવેગ પાખીજી;
શિવ મારગ એ ત્રણે કહીએ, ઇહાં સિદ્ધાંત છે સાખીજી;
આર્જ સુહસ્તિ સૂરી જેમ વંદે, આર્ય મહાગિરિ દેખીજી,
દો તિનપાટ રહી મરજાદા, પણ કલિજુગતા વિશેખીજી,
ગૃથિલ જલાસી જનતા પાસી, નૃપ મંત્રી પણ ભલીયાજી;
સત્યવિજય ગુરૂ શિષ્ય બહુશ્રુત કપૂરવિજય મતિ બલિયાજી.

**અર્થ**—તપગચ્છરૂપી વનમાં કલ્પવૃક્ષની ઉપમા પામેલ સંઘના રાજા એવા શ્રી **વિજયદેવસૂરિ** થયા કે જેનું નામ ચાલુ એટલે પ્રસિદ્ધ થઈ ગુણીજનના સમૂહથી ગવાયું છે. તેના પટધર કુમતિરૂપી હાથીઓમાં સિંહ જેવા શ્રી **વિજયસિંહસૂરિ** થયા અને તેના શિષ્ય લક્ષણથી લક્ષિત—અંકિત દેહવાળા. (સત્યવિજય) સૂરિની પદવીને યોગ્ય થયા ?

દેશ વિદેશથી શ્રાવક શ્રાવિકા સાધુ સાધ્વીરૂપ ચતુર્વિધ સંઘ સંકેત પ્રમાણે શ્રી સત્યવિજયને સૂરિપદ આપવા ભેગા થયા, ( શ્રી સત્યવિજય પોતાને સૂરિપદ આપવા અર્થે બધાને મહોત્સવ જુદી જુદી રીતે કરતા જોઇ, અને પ્રાયઃ શિથિલપણું બહુ જોઇ ચિત્ત વૈરાગ્યથી પૂર્ણ થયું અને સૂરિવર ( શ્રી વિજયસિંહસૂરિ ) ની પાસે વિનય અને વિરક્તભાવ પ્રગટ કરી પોતાની વાત પ્રકાશીઃ—૨

'હે સ્વામિ ! મારે સૂરિની પદવી લેવી નથી, હું તો ક્રિયા ઉદ્ધાર કરીશ. ! ત્યારે સૂરિએ કહ્યું કે 'આ ગાદી–પાટ તમારે શિરે છે અને તમારે આધીન બધા અણગર મુનિઓ છે." આટલું કહી તે સૂરિવરે સ્વર્ગગમન

કર્યું અને તેમની વાત સંઘને સુણાવી દીધી. સત્યવિજય પન્યાસની આજ્ઞા બધા મુનિવર્ગમાં વરતાવી દીધી.—૩

(શ્રી સત્યવિજયે) સંઘની સાથે પોતાને હાથે શ્રી વિજયપ્રભસૂરિને સ્થાપ્યા એટલે સૂરિ પદવી તેમને આપી અને પોતે ગચ્છની નિશ્રાએ ઉગ્ર વિહાર કરી સંવેગતાનો ગુણ વ્યાસમાન કર્યો. પોતે રંગિત વસ્ત્ર લીધાં. આથી લોકો જેવી રીતે ધ્વજાઓ જોઇ 'ત્યાં ચૈત્ય હશે' એમ ધારી વંદન કરે છે તેવી રીતે જગત્ આ મુનિને વંદન કરવા લાગ્યા, સૂરિ અને પાટક સન્મુખ આજ્ઞાવર્તી થયા અને તેના પક્ષમાં જશવિજય (મહા મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય) ઉભા રહ્યા.—૪

શિવમાર્ગ—મોક્ષના માર્ગ ત્રણ છે નામે પ્રથમ સંવેગી મુનિ, બીજો નિર્વેદી ગૃહસ્થ શ્રાવક, અને ત્રીજો સંવેગનો પક્ષ ધરનાર (ઉપરના પ્રથમ બે માર્ગ યોગ્ય રીતે પાળી ન શકનાર), આ વાતની સિદ્ધાંત સાક્ષી આપે છે. જેમ આર્ય સુહસ્તિ પોતે સૂરિ હતા છતાં પણ આર્ય મહાગિરિ કે જે સૂરિ ન હતા પણ મહા સંવેગી–ક્રિયાશીલ હોય તેથી તેને વાંદતા હતા, તેમ અહીં પણ બે ત્રણ પાટ તેવી મર્યાદા રહી, પણ પછી કલિયુગનો પ્રભાવ વિશેષ બલવત્તર થયો એટલે તે મર્યાદા ન રહી.—૫

(ક્રિયાના સંબંધમાં કહે છે કે લોકોની શિથિલતા સૂરિ પદવી લેનારા શું કરવા લાગ્યા? તો કે) જેમ ઘેલા બનાવનાર જળને પીવાથી ગાંડા થયેલ લોકોમાં રાજા અને તેનો મંત્રી કે જેણે ઉક્ત પાણી નહોતું પીધું અને તેથી જે ડાહ્યા રહ્યા હતા તેને પણ લોકમાં ભળવું પડયું (કારણ કે ગાંડાની સાથે ગાંડા થયા વગર ગાંડાથી આપદા બહુ વેઠવી પડે છે) તેવીજ રીતે તેઓ પણ તે લોકો સાથે ભળવા લાગ્યા.

આપછી સત્યવિજયગુરૂના શિષ્ય મતિમાં બળવાન્, અને બહુશ્રુત (એટલે મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન બંનેમાં બહુ જબરા એવા શ્રી કર્પૂરવિજય થયા.

આમાં 'રંગિત ચેલ' એટલે રંગેલા વસ્ત્રો ધારણ કર્યા એવું જણાવે છે, (એટલે પીળાં કે કાથિયાં તે પર અજવાળું પડતું નથી) પરંતુ શ્રી સત્યવિજય શ્રી વિજયપ્રભસૂરિને વાંદતા નહોતા તે વાત સરસ રીતે પ્રકટ થાય છે અને તે વળી તેના સત્ય અને વાસ્તવિક કારણ સાથે.

વળી શ્રી સત્યવિજય ગણિના સંબંધમાં શ્રી વિજયદેવ મહાત્મ્ય વિજયપ્રશસ્તિ વગેરે ગ્રંથો કદાચ વિશેષ અજવાળું પાડી શકે તેમ છે. તો આ સંબંધમાં વિશેષ ચર્ચા, વિગતો સાથે ઉપસ્થિત થશે અને વિગતો જે જે

પ્રમાણુથી મૂકવામાં આવે તે તે પ્રમાણે અક્ષરશઃ ટાંકી ઊહાપોહ થશે, તો ઘણું જાણવાનું મળી આવશે એ નિઃસંદેહ છે. તો આશા છે કે વિદ્યમાન વિદ્વાન્ મુનિવરો તેમજ શ્રાવકો ઐતિહાસિક દૃષ્ટિએ જૈન ધર્મ તેમજ જૈનીઓને તપાસી વધુ ઉપકાર જનસમાજપર કરશે. ઇત્યલમ્

પ્રેક્ષક બુદ્ધિસાગર—શ્રી સત્યવિજયચરિત્ર સંબંધી બુદ્ધિપ્રભામાં પૂર્વે અમોએ લેખ લખેલ છે. સત્યવિજય ચરિત્ર કર્તાના અભિપ્રાયે ગચ્છનો ભાર શ્રીસત્યવિજયજી પન્યાસને શ્રીવિજયપ્રભસૂરિએ સોંપ્યો હોય એમ જણાતું નથી. સત્યવિજય નિર્વાણના કર્તા પ્રમાણીક પુરૂષ પ્રમાણિક ગણાય છે માટે વધુ અજવાળું પાડનાર પ્રમાણની જરૂર રહે છે.

---

# विद्यार्थीना धर्म.

( અંક નવમાના પાને ૨૮૦ થી અનુસંધાન )

( ૨ )

હે વિદ્યાર્થીઓ ! તમે ભવિષ્યની પ્રજાના નાયક થવાના છો અને તમારાપર દેશના ઉદયનો આધાર રહેલો છે. બાલ્યાવસ્થામાં તમને જેવી આદત યાને ટેવ પડી જશે, તે પ્રમાણે ઠેઠ મરણપર્યન્ત તમારૂં જીવન પસાર થશે. તમારે કોઇ પણ પ્રકારની ટેવ ગ્રહણ કરવામાં બહુજ વિચાર કરવો જોઇએ અને તમારે સજ્જન અથવા ધાર્મિક બનવું જોઇએ. આ જગતમાં મુખ્યત્વે કરીને યુવાવસ્થાના સમયમાં જ્યારે તમારૂં ચારિત્ર બંધાવાનો સમય હોય છે અને તમારી ટેવો અમુક પ્રકારનું વલણ લેવાના સમયમાં હોય છે, તે સમય ઉપર તમારે ખાસ લક્ષ આપી દુર્જનતાના પાશથી મુક્ત રહેવા તમારો બનતો પુરૂષાર્થ કરવો જોઇએ.

આ સ્થળે તમારે અંતઃકરણ સાથે એ ખુબ યાદ રાખવું કે ખરો આનંદ યાને પરમ સુખ સજ્જનતા પરજ આધાર રાખે છે. ખરૂં સુખ મેળવવાને તમારે તમારૂં અંતઃકરણ પવિત્ર અને નિર્મળ રાખવું જોઇએ. કારણ કે જે કામ પ્રસન્ન અંતઃકરણથી અથવા ચિંતારહિતપણે થાય છે, તેજ કામમાં પરમ સુખ મળે છે. જે મનુષ્યની વૃત્તિ સાત્વિક કે ધાર્મિક છે, તે પોતાનું કામ ખરા મનથી શ્રદ્ધાપૂર્વક કરે છે અને તેથી તેનો અંદરનો આત્મા પણ તે કામથી સંતુષ્ટ થાય છે.

જે દુષ્ટ કામ કરવામાં આવે છે, તેથી હૃદય પશ્ચાત્તાપના સાગરમાં ગોથાં ખાય છે, તેનું મન સદા બેચેન રહે છે, અને ખરું સુખ કે આનંદ સ્વપ્નમાં પણ તેવો મનુષ્ય પામી શકતો નથી. જો તમારે ચિરસ્થાયી સુખ કે આનંદ મેળવવો હોય તો અમારે યાદ રાખવું જરૂરનું છે કે તેવો આનંદ કે સુખ પુણ્ય કે ધર્મથીજ મળી શકશે. કારણ કે ધર્મજ સ્થાયી છે અને કાળ કે દેશ બદલાય પણ સત્યધર્મપર તેની અસર થતી નથી. ધાર્મિક પુરૂષનું સુખ બાહ્ય વસ્તુઓ ઉપર આધાર નહીં રાખતાં મનની પ્રસન્નતા અને નિરમલ વૃત્તિ ઉપર આધાર રાખે છે, તેથી તેવો મનુષ્ય હરેક કાળમાં અને હરેક દેશમાં આનંદમાં મગ્નરહી શકે છે. દરેક બાબતમાં પવિત્રતા રાખવી એ ઉત્તમ છે, પણ હૃદયની પવિત્રતા યાને વિશુદ્ધિ સર્વ કરતાં વિશેષ પ્રશસ્ય છે અને તે મેળવવાને સર્વ પુરૂષોએ પ્રયત્ન કરવો ઘટે છે. પુણ્ય, ધર્મ કે સાત્વિક વૃત્તિ એ નિર્મળ જળની પ્રણાલિકા સમાન છે અને પ્રકાશનું ચિન્હ છે. તેથી ઉલટું પાપ, અધર્મ કે તામસિક વૃત્તિ મલિન જળની સમાન હોઇઅંધકારનું લક્ષણ છે. આ કારણથી આપણે પવિત્ર શુદ્ધ યાને ધાર્મિક જીવન ગાળવું એ બહુજ લાભપ્રદ છે; જે મનુષ્યો આવુ જીવન ગાળે છે, તેને રિદ્ધિ સિદ્ધિ અને પરમ સુખ સ્વયમેવ આવી મળે છે. જે સદ્દગુણોનાં બીજ આપણા હૃદયમાં વાવવાં જોઇએ, તે સદ્દગુણો વિષે ગયા પ્રકરણમાં આપણે વિચાર કરી ગયા છીએ. ગુણો આજ્ઞાનુપાલન કાલાનુવૃત્તિ ( સમયાનુસરણ–Punctuality ), ઉદ્યોગ, એકતા યાને પ્રેમ, અને નિષ્કપટતા, સરલતા અથવા સત્યવાદિપણું છે. આ ઉપરાંત પણ આપણું વર્તન ઉત્તમ પ્રકારનું રાખવું જોઇએ અને બીજાઓની સાથેના આપણા સંબંધમાં બહુજ મિત્રતા સાથે વર્તવું જોઇએ. વિદ્યાર્થી અવસ્થામાં કેવી કેવી રીતે સદ્દગુણો ખીલવી શકાય તેના કેટલાક દાખલા આપવાથી આ ઉપરના નિયમો ઉપર વધારે અજવાળું પડશે, એમ ધારી કેટલીક સૂચનાઓ દષ્ટાંતદ્વારા અત્ર આપવામાં આવે છે. કોઇ પ્રસંગે તમે તમારા વર્ગના છોકરા પાસે એક પુસ્તક કે લેખણ માગી, તે મહેરબાની રાહે તમને તે આપે છે. પરન્તુ તે પુસ્તક કે લેખણ લેતી વખતે તેમજ આપતી વખતે તમે એમ કહેતા નથી કે " હું તમારો મોટો ઉપકાર માનું છું " કેટલીકવાર તમે એવા અક્કડમિજાજી કે અવિનયી હોછો કે તેને તે વસ્તુ પાછી આપતી વખતે દૂરથી તેની ભણી ફેંકોછો.

અથવા તો તે વસ્તુને જ્યાં ત્યાં પડી રહેવા દો છો. આ કારણથી કેટલીકવાર તે પુસ્તક કે લેખણ ખોવાઇ જાય છે અને એ ખોયાનો દોષ તમારે માથે આવે છે. માટે આવી ભૂલો ન થાય અને ઉપકારનો બદલો

અપકાર રૂપે ન થાય તે માટે તમારે નાનાં નાનાં કામોમાં પણ બહુ સાવધ રહેવું જોઇએ અને કદાપિ કૃતઘ્ની થવું ન જોઇએ.

વળી કેટલીકવાર તમે તમારા જ્ઞાનના અભિમાની બની જાઓ છો, અને તમે સૌથી વધારે જ્ઞાન ધરાવો છો, એવો મિથ્યા ગર્વ રાખો છો, પરન્તુ તમારે એ અવશ્ય વિચારવું જોઇએ કે ખાલી કોથળો કદાપિ ટટાર રહી શકતો નથી. બીજાઓના દોષતરફ દૃષ્ટિ કરવા કરતાં પોતાની ભૂલો તરફ પ્રથમ નજર કરવી ઘટે છે. વિદ્યા વિનયથી શોભે છે, માટે બુદ્ધિની સાથે નમ્ર બનો. કહ્યું છે કેઃ—

**विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम्**

**पात्रत्वाद् धनमाप्नोति धनाद्धर्मं ततः सुखम् ॥**

વિદ્યાથી વિનય મળે છે, વિનયથી યોગ્યતા મળે છે, યોગ્યતાથી ધન મળે છે, ધનથી ધર્મ અને ધર્મથી છેવટે સુખ મળે છે.

વિદ્યાભ્યાસના સમયમાં ધ્યાન અથવા એકાગ્રતાનો ગુણ બહુ જરૂરનો છે; એકાગ્રતા અથવા કોઇપણ વિષય ઉપર પોતાનું ચિત્ત લગાડવાની શક્તિ એ સર્વ બાબતમાં વિજયની કુંચી છે અને વિદ્યાભ્યાસમાં તો તે પરમ મદદગાર છે. તમારા વર્ગમાં કોઇ વિષય શિખવાતો હોય, તે વખતે જો તમે તે વિષય ઉપર ધ્યાન ન આપો અને પાસે બેઠેલા છોકરા સાથે ગુપચુપ વાતો કર્યાં કરો તો તે શિક્ષણનો લાભ કેવળ તમેજ ન મેળવો એટલુંજ નહિ પણ તમારી પાસે બેઠેલા વિદ્યાર્થીઓ પણ તે વિષય શિખી શકે નહિ. ભણતી વખતે વાતો કરવી અને પાઠપર ધ્યાન ન આપવું એ ઉત્તમ આચરણની વિરૂદ્ધ છે, કારણ કે તેમ કરવાથી તમે તમારા ગુરૂનો વિનય સાચવતા નથી, તેમજ તેનો તથા તમારો ઉપયોગી સમય નિરર્થક ગુમાવો છો. જ્યારે તમારો શિક્ષક વર્ગમાં ન હોય અથવા કાંઇ કામમાં રોકાયો હોય ત્યારે તમારે ચુપ બેસી રહેવું જોઇએ, પણ કોલાહલ ન કરવો જોઇએ, કારણ કે એ બાબત પણ નિંદ્ય આચરણ છે.

આજકાલ ઉન્નતિનો સમય છે, ઉન્નતિદર્શક માર્ગો ચારે તરફથી બતાવાય છે. લોકો સમાજો, સંસ્થાઓ અને કોન્ફરન્સો ભરી કોમ, ધર્મ કે પ્રજાનું હિત વિચારે છે. કેટલાક મનુષ્યો નવી નવી બાબતો શિખવાને વિદ્યાકળા પ્રાપ્ત કરવાને અને મોટી મોટી ડીગરીઓ મેળવવાને ઇંગ્લાંડ, જર્મની, જાપાન, અમેરીકા વગેરે દેશોમાં જાય છે. મોટી મોટી ધર્મ સમાજો અથવા સભાઓ સ્થપાય છે અને પ્રજાના ઉદયને વાસ્તે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થઇ રહી છે. આ સર્વ સારા સમયની નિશાનીઓ છે અને આ

ઉપરથી વિદિત થાય છે કે ઉન્નતિનો કાળ પાસે આવતો જાય છે. આ બાબતમાં એ યાદ રાખવાજેવું છે કે માંહોમાંહે આપણે લડી મરવું જોઇએ નહિ, અથવા કુસંપનાં બીજ વાવવાં જોઇએ નહિ. જૂના અને નવા વિચાર વચ્ચે હાલ જે મારામારી ચાલી રહેલી છે, તેમાંથી જે જે વિચારો જેટલે જેટલે અંશે લાભકારક જણાય તે તે તેટલે તેટલે અંશે અંગીકાર કરી આગળ વધવું એમાંજ શ્રેય છે. આ સંબંધમાં કવિ કાલિદાસે કહેલું ઉત્તમ વચન બહુ વિચારવા યોગ્ય છે.

पुराण मित्येव न साधु सर्वम्
नवमिति न चावद्यं भवति
सन्तः परीक्ष्या न्यतरद्‌भजन्ति
मूढः पर प्रत्यय नेयलु द्धिः

જૂનું એટલુ બધું સારૂં નથી, અને નવું એટલું બધુ નિન્દનીય નથી, સન્તપુરૂષો પરીક્ષા કરીને એમાંથી એક પસંદ કરે છે અને મૂઢ મનુષ્ય બીજાના પર વિશ્વાસ રાખી દોરવાય છે. માટે પક્ષપાતરહિત થઇને સત્યના ઉપાસક થવું એજ હિતકર માર્ગ છે.

વિદ્યાર્થીઓ ! તમારે સર્વ હિતકારી લાયબ્રેરીઓમાં જઇ, ઉમદા પુસ્તકો વાંચવા જોઇએ, વાંચીને તે પર વિચાર યાને મનન કરવું જાઇએ. જે વાંચો વિચારો તે પ્રમાણે વર્તો. પણ સૌથી ઉત્તમ બાબત એ છે કે મહાન્ પુરૂષોનાં ઉત્તમ જીવનચરિત્રો વાંચો અને તેમની માફક ઉત્તમ ધાર્મિક અને નીતિપરાયણ જીવન ગાળી પરોપકાર કરતાં શિખો.

લોકોમાં આજકાલ જે સુધારાનાં દૂષણ લાગેલાં તેથી ચેતતા રહો. ઉપરથી મોટી મોટી વાતો કરનારા, પણ માંસ મદિરાનું સેવન કરનારા કહેવાતા મોટાઓના પાશથી દૂર રહો.

ઘણા ખેદની વાત છે કે જે લોકો પોતાને સુધરેલા civilized કહેવરાવવા માગે છે, તેવાઓમાં મદિરાપાનનો શોખ દિનપ્રતિદિન વધતો ચાલે છે. પ્રિય વિદ્યાર્થીઓ ! આવા ખોટી મોટાઇનો ડોળ કરનારાઓનું કદાપિ અનુકરણ કરતા નહિ. તમારે ધૈર્ય રાખવું જોઇએ અને જીતેંદ્રિય તેમજ શાન્ત સ્વભાવવાળા થવું જોઇએ.

જેઓમાં આ ગુણો હોય છે, તેઓજ જગત્‌ને ઉપકારી કાંઇક પ્રશસ્ય કામ કરી શકે છે.

છેવટે આ બીજું પ્રકરણ પૂરૂં કરતાં હું પ્રાર્થના કરીશ કે તમને

સદ્બુદ્ધિ મળે અને તમારૂં જીવન ધાર્મિક તેમજ નીતિમય બનાવી સ્વ તેમજ પરનું હિત સાધી શકો અને દરેક કામ તમે પવિત્ર બુદ્ધિથી કરી કર્મના અચળ નિયમઉપર તેના ફળને માટે વિશ્વાસ રાખતા થાઓ.

# " सादु जीवन "

( લેખક. શા. ભોગીલાલ મગનલાલ. ગોધાવી )

પ્રસ્તુત જમાનામાં પ્રાશ્ચાત્ય પ્રજાના સંસર્ગથી આપણામાં પ્રવૃત્તિનું બળ વધવા પામ્યું છે. જીવનની શાન્તિ અને નિવૃત્તિનાં સુખો આપણને ઇષ્ટ નથી, તેનાથી હવે આપણને તૃપ્તી થતી નથી. ઉદ્યાગની પ્રવૃત્તિ અને કામકાજની ધાંધલમાં અહોરાત્ર મચ્યા રહેવામાંજ સર્વને સુખ જણાય છે, અતિ વૈભવ અતિ વ્યવસાય, અને અતિ વિલાસનેજ મનુષ્યો મોટાઇ અને આબરૂ ગણે છે. તેઓ અનેક પ્રકારના વ્યવસાયોની જાળ ગુંથે છે અને તેના પાશમાં પોતાના ચિત્તને નાંખે છે, તેમનું ચિત્ત નિરંતર વ્યવસાયથી વ્યગ્ર અને વ્યાકુળ રહે છે. તેઓ તૃષ્ણા, લોભ આદિના અનેક સંતાપથી નિરંતર સંતપ્ત રહે છે. જીવનની અસારતા અને અનિત્યતાનો તેઓ ભાગ્યેજ વિચાર કરે છે.

> We are such stuff,
> As dreams are made on, and our little life.
> Is rounded with a sleep.
>
> Shakespear.

કીર્તિ, દ્રવ્ય, સત્તા આદિના લોભના પ્રવાહમાં તણાઇ મનુષ્યો અનેક કલેશો સહી હૃદયને ખિન્ન કરે છે. કેટલેક સમયે તેઓ પોતાના સામર્થ્યનો પણ ભાગ્યેજ વિચાર કરે છે.

પોતાની યોગ્યતા ઉપરાંતનો અસાધ્ય હેતુ સિદ્ધ કરવા તેઓ મથે છે. નિશદિન ચિંતામાં નિમગ્ન રહી નાહક ચિંતાનો ભાર વહે છે અને અંતે યત્નમાં નિષ્ફળ થઇ પસ્તાવો કરે છે. કેટલેક પ્રસંગે તેમણે કલ્પેલો હેતુ તેમને આનંદપ્રદ થતો નથી. તેઓ અમુક કાર્યથી સુખ થશે. અમુકથી લાભ થશે એમ કલ્પી તેની પાછળ યત્ન ખર્ચે છે તેના યત્નમાં શોકાતુર થઇ ફાંફાં મારે છે અને આખરે તે કાર્ય સિદ્ધ થયે તેમાં માનેલો આનંદ કલ્પીત જણાતાં તે ઠગાય છે. કેટલેક પ્રસંગે કાર્ય દુઃસાધ્ય હોવાથી અનેક સંકટો

અને વિઘ્નો આવે છે. આ વિઘ્નોથી તે કંટાળે છે. બહુ દુઃખ અને શોક અનુભવે છે અને આખરે યત્નથી વિરમે છે. કદાચ તે દૃઢતાથી મંડ્યો રહે છે તો ચિંતાનો આવેશ તેને નિરાશ અને શુષ્ક બનાવે છે અને આ પ્રમાણે તે કાર્ય પ્રત્યેનો તેનો પ્રેમ ઘટવાથી અર્થની સિદ્ધિ થયા પછી પણ તેનો આનંદ દીર્ઘકાળ ટકતો નથી. ગોલ્ડસ્મીથ નામનો કવિ કહે છે કે,

Spontaneous joys, where nature has its play.
The soul adopts and owns its first born swoy.

જ્યાં જ્યાં સ્વાભાવિક રીતે આનંદ પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં હૃદય તેને સારી રીતે અનુભવે છે અને તેની અસર કાંઇક ઓરજ હોય છે. દુઃખનો મહાન્ ભોગ આપી પ્રાપ્ત કરેલું ક્ષણિક સુખ સામટે મેળે જોતાં દુઃખજ છે.

" Too much anxiety for success often defeats its own object " વિજય માટેની અતિ આતુરતા—ચિંતાથી તેને પ્રાપ્ત કરવાનો હેતુ નિષ્ફળ થાય છે.

સ્થિતિને આ નાજુકાઈ પ્રતિકૂલ હોવાથી અનિષ્ટ પરિણામ આવે છે. તેમનો ઘણો કાળક્ષેપ વસ્ત્રાદિપર લક્ષ આપવામાં જાય છે. કામપતિ તેમને સહજ અભાવ થાય છે. મહેનત કંટાળા ભરેલી લાગે છે. તેઓમાં સાદી રીતભાત ન હોવાથી સાદા વર્તનનો હક ગુમાવે છે. તેઓ ભાગ્યેજ સમજે છે કે આડંબર વિના જીંદગી આનંદી થઇ શકે તેમ છે. પરંતુ વિચાર કરતાં ઝટ સમજાય તેમ છે કે જો આડંબર અને ભપકામાંજ આનંદ સમાયેલો હોત તો શાંત સાદા અને નમ્ર મનુષ્યોની જીંદગી બહુજ કંટાળા ભરેલી થઇ પડત! પણ એ સર્વત્ર માલુમ પડે છે કે શાંત સાદા અને નમ્ર મનુષ્યોજ વાસ્તવિક આનંદ અનુભવી શકે છે. શેકસપીઅર કવિ લખે છે કેઃ—

' Now my co-mates & brothers in enile.
Hath not old custom made this life more swoet;
Than that of trained painted pomp.

'આડંબરી ભપકા કરતાં જુના રીત રીવાજને અનુસરવાથી શું જીંદગી વિશેષ આનંદી બની નથી ? "

જે સાધન વિના ચાલે તેમ હોય, જેની ખોટ અન્યવડે પુરાય તેમ હોય તે સાધન પ્રાપ્ત કરવાનો યત્ન કરીને મનુષ્યો નાહક હૃદયનું હીર ગુમાવે છે. દ્રવ્ય, સત્તા, પદવી આદિમાં જેઓ સુખ માને છે તેઓ અનેક પ્રકારની ચિંતા માથે વ્હોરી લેઈ શાન્તિના સહજ સુખને ગુમાવે છે.

" Weary lies the head that wears a crown "

શેકસ્પીઅર નામનો કવિ કહે છે કે જે રાજમુગટ ધારણ કરે છે તે હમેશાં ચિંતાતુર રહે છે. જે મનુષ્યો વ્યવસાયના બળને વધારે છે તેઓ પોતાને માટે ચિંતા અને દુઃખના અનેક પ્રસંગો ઉભા કરે છે.

પ્રસ્તુત જમાનામાં પ્રવૃત્તિના વિસ્તાર સાથે પોષાક આદિની રીતભાતમાં મહાન્ ફેરફાર થયેલો દૃષ્ટિએ પડે છે. દિન પ્રતિદિન મનુષ્યોના પોષાક, રહેણી કરણી અને રીત રીવાજમાં મોટો તફાવત થતો જાય છે. દેખાદેખીથી એક બીજાનું અનુકરણ કરી પોતાના ગજા-શક્તિ અને યોગ્યતાનો વિચાર કેટલાએક મનુષ્યો બાજુએ મુકતા જણાય છે. સ્વાભાવિક રીતે કેટલાએક મનુષ્યોની માન્યતા પ્રમાણે મોટા અને સારા ગણાવાનો ઉપાય બાહ્યડાળને અવલંબીને રહેલો હોય છે. તેઓ દ્રવ્ય, સત્તા, વિદ્વતા આદિ સાધનોની તંગી-વિવિધ પ્રકારના પોષાક, જટા વગેરેના આડંબરથી છુપાવવા ઇચ્છે છે. આ તંગી મટાડવાનો મિથ્યા યત્ન કરવામાં તેઓને ઘણું કષ્ટ સહન કરવું પડે છે. સાધનોના અભાવે આ બાહ્યઆડંબર સાચવવો તેમને અતિ કઠિન પડે છે. વર્ડ્ઝવર્થ નામનો કવિ કહે છે કેઃ—

Rapine, avarice, expense This is idolatory; & these we adore: Plain living & high thinking are no more: The homely Beauty of good old cause is gone; our peace, our fearful innocence And pure religion creating household laws.

દ્રવ્યની લુટાલુટ, લોભ અને ખર્ચ-વ્યય ને " આપણે દેવતુલ્ય ગણીએ છીએ અને આપણે તેનાજ ઉપાસક બન્યા છીએ. સાદુ જીવન અને ઉચ્ચ વિચાર હવે અસ્તિત્વ ધરાવતાં નથી. જુની સાદી રીતભાતનું હાર્દ-ગૌરવ હવે ગયું છે. કૌટુમ્બિક રીત રીવાજ પર અસર કરતું આપણું પવિત્ર, ધાર્મિક, નિષ્પાપી અને શાન્ત જીવન હવે નાશ પામ્યું છે. "

વિલાસના સાધનોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં મનુષ્યોને પ્રાપ્ત સાધનોપર અપ્રીતિ થતી જાય છે. પોષાક આદિના રીત રીવાજોમાં સંરક્ષક વૃત્તિ ધારણ કરનારા મનુષ્યો પણ ધીમા ગતિએ નવીન ફેરફારમાં આગળ વધતા દીસે છે. સાધનસંપન્ન મનુષ્યોનો પ્રશ્ન બાજુએ મૂકતાં ક્ષણિક કીર્તિના અથવા વ્યાવહારિક મોટાઇ પ્રાપ્ત કરવાના કલ્પિત તરંગોમાં તણાતા ઘણા મનુષ્યોએ

પોતાની વ્યાવહારિક સ્થિતિનો વિચાર કરવો આવશ્યક છે. શેકસપીઅર નામનો કવિ કહે છે કેઃ—

'Costly thy habits as thy-purse can buy
But not exprssed in fancy; rich not gaudy:
For the apparel oft proclaims the man.

' તારા દ્રવ્યના પ્રમાણમાં તારી રીતભાત ખર્ચાળ હોવી જોઇએ. કલ્પનાના આવેશમાં આવી અતિ ખર્ચાળ કે ઠાઠમાઠવાળી રીતભાત રાખતો ના; કારણ કે પોષાક વારંવાર મનુષ્યનો સ્વભાવ સિદ્ધ કરે છે." કહ્યું છે કે " અતિ ઉદ્‌ભટ વેષ નવિ પહેરીએ જો, નહિ ધરીએ મલિનતા વેષજો. વગેરે, કેટલાએક મનુષ્યો શ્રીમાન હોવા છતાં કૃપણ બની મલિન અને ફાટાં તુટાં વસ્ત્ર પહેરે છે. આ તેમનો દ્રવ્યલોભ અને કંજુસાઈ જણાવે છે. કેટલાએક પૈસા સંબંધી સારી સ્થિતિમાં હોવા છતાં માત્ર પોતાની સાદાઇ બતાવવાના હેતુથી ફાટાંતુટાં અને મલિન વસ્ત્રો પહેરે છે; પરંતુ તેમની આ સાદાઇ આખરે એક પ્રકારના દંભરૂપે મનાય છે. એથી ઉલટું જે મનુષ્યો કલ્પનાના તરંગમાં આવી પોતાની સ્થિતિ ન છતાં ઠાઠમાઠ આદિથી બાહ્ય આડંબર ધારણ કરે છે, તેઓ પોતાના અવિચારી અને તરંગી સ્વભાવ સાબીત કરે છે. આવા મનુષ્યો દુનીઆની નજરે સ્વતઃ ખુલ્લા પડી આવે છે અને હાંસીને પાત્ર બને છે. તેમનું હૃદય એવું શૂન્ય અને બુઠ્ઠું થાય છે કે તેમના અવિચારી વર્ત્તન માટે તેમને કાંઇ લાગણી થતી નથી. તેઓ તેને ટેવાઈ જાય છે. વાર્ષિક પચાશ કે સો રૂપીઆની આવકવાળા યુવકો ગજા ઉપરાંતની ખર્ચાળ રીતભાત ધારણ કરતા દૃષ્ટિએ પડે છે. બે એક ઘડીઆળો ગજવામાં અને કાંડાપર રાખી સમયની અતી કાળજી દર્શાવતા; ટુંકી દૃષ્ટિના કે એવા અન્ય કોઈ આંખના દર્દવિના માત્ર શોભાની ખાતર ચશ્મા પહેરતા; કેળવણીના કે ઇતર કોઇ પણ સંસ્કાર વિના ( નિરક્ષર હોવા છતાં ) નવીન ઢબના કીમતી પોષાક પહેરતા અને એવો બીજો આડંબર કરતા, નિમિત્તવિના હાથમાં છત્રી કે સોટી ધારણ કરતા કેટલાએક દૃષ્ટિએ પડે છે. આ અને એવીજ બીજી રીતભાતની વિલક્ષણ અસર તેમની વર્ત્તણૂંક પર થાય છે. ટાપટીપમાં લક્ષ આપવાથી તેઓ-નાજુકાઇ અને આપવડાઇ પ્રાપ્ત કરે છે.

અપૂર્ણ.

# नीतिवचनामृतो.

## ( મોહસીની ઉપરથી. )

( લેખક. પન્યાસ મુનિશ્રી કેસરવિજયજી )

( અનુસંધાન અંક દશમાના પાને ૨૯૮ થી. )

૫૨ તારા મનમાં જે આવે તે વિચાર કર્યાં વિના સાહસથી કર નહિં કારણકે તેમ કર્યાથી ભવિષ્યમાં તારે પસ્તાવું પડશે.

૫૩ ધીમો પડ. ને તારા હાથ તળેની રૈયતની જોડે ઉતાવળીઓ થઇ વ્યવહાર નહિં કર. જે તારી સત્તા નીચે હોય તેનાપર દયા રાખ. તેના બદલામાં પ્રભુ તારાપર રહેમ રાખશે.

૫૪ તું જે હુકમ કરવાનો છે તેમાં શાસનકર્તાના કહ્યાથી ઉલટું ન કરતો ને ઇનસાફનો રસ્તો ચુકતો નહિં.

૫૫ તારા ઘોડાને એટલો તોફાની ન બનાવ, કે તેની લગામ તું ખેંચી પકડી શકે નહિં. હુકમ તો એવો કર કે જે કાયદાપ્રમાણે જ હોય.

૫૬ જે કામમાં તારે દિલગીરીને તારી જોડ બનાવવી હોયતો ઉતાવળજ કર. ધીરજથી કામ ન કર.

૫૭ જે કાંઇ કામ કાજ આવી પડે તેમાં ડાહ્યા પુરૂષોની સલાહ લીધા વિના શરૂઆત કરવીજ નહિં.

૫૮ જે ચીજ યુક્તિ કરવાથી મળી શકતી હોય તે, તીર ને તરવારથી મેળવવાનો કોઇ દહાડો વિચાર કરવો નહિં.

૫૯ તદબીરથી એવું કામ સધાય છે કે તલવાર ને ભાલાથી પણ તેવું થતું નથી. ખજાનાપર, તલવારપર કે લશ્કરપર ભરોંસો ન રાખ, પણ ડાહ્યા માણસોની બતાવેલી સલાહ તથા તદબીરપ્રમાણે ચાલ.

૬૦ પોતાની અક્કલ તથા ડાહાપણથી મગરૂર થઇ જવું નહિ. પણ કોઈની બતાવેલી તદબીરરૂપી આરસી સામી મૂકવી. દીર્ઘદર્શી ડાહ્યા માણસની મદદ માગ, કે જેથી તારી ઇચ્છા પાર પાડવાનો રસ્તો સુજે.

૬૧ સાવચેતીથી ચાલ, કારણ અહીંનો રસ્તો ભયથી ભરેલો છે. સાવધપણે પગલાં ભર, કારણ આ જગ્યા બખેડા ને દુષ્ટતાથી ભરપુર છે, ગાફલ ન રહે, સાવચેતી છોડી ન દે, કારણ જમાનામાં આવતી બલાના તીર સામું એ ઢાલરૂપ છે.

૬૨ મોટા માણસનું નામ તેની બહાદુરીથી જ જણાય છે. જેના મનમાં

મોતની કાંઇ કીંમત નથી તે હમેશ શૌર્ય ગુણુમાં શ્રેષ્ટ છે જેને પોતાનો જીવ વ્હાલો છે તેને મોટાઇજોડે શું સંબંધ છે ?

૬૩ જે ઘરડા માણુસમાં ડાહાપણુ નહિં તે પાણીવગરના ઝરાજેવો છે, જે જુવાન માણુસમાં સભ્યતા નહિં તે ફૂલ વગરની વાડીજેવો છે, જે યોગીને પ્રભુસંબંધી જ્ઞાન નથી તે તેજ વગરની આંખો જેવો છે, જે વિદ્વાન માણુસ પવિત્ર નથી તે લગામ વગરના ઘોડા જેવો છે, જે પૈસાદાર ઉદાર દીલનો નથી તે ફળ વગરના ઝાડ જેવો છે, જે ખુબસુરત માણુસ શરમ વિનાનો હોય તે મીઠા વિનાની રસોઇ જેવો છે, જે રાજા ઇનસાફી નથી તે વરસાદ વગરનાં વાદળાં જેવો છે, જે પૃથ્વી જીતવા તૈયાર થાય અને શૌર્ય ન હોય તે મુડી વગરના વેપારી જેવો છે.

૬૪ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી કોઇ જોડે દુશ્મનાઇ કરવી નહિં ને મિત્રોને ધિક્કારવા નહિં. તેમ કરતાં કોઇ દુશ્મન થાય તો તેને મીઠા શબ્દો કહી મેહેરબાની બતાવી પોતાતરફ ખેંચવો જેથી તે મિત્ર થઇ જાય, મિત્ર હોય તેને માન આપતા રહેવું જેથી પોતાનો મિત્ર ભાવ છોડે નહિ.

૬૫ જે વચનો સ્વાર્થ રહિત હોય તથા લોભ વગરનાં હોય છે તે જો પ- ત્થરને કહ્યાં હોય તો તેનાપર પણુ અસર કરે છે.

૬૬ એક માણુસે પોતાના ઉપરીને કહ્યું કે હાલના સમયમાં જે પાપ થાય છે તે અટકાવું, પણુ મને બીક લાગે છે કે અદેખાં માણુસો મને હેરાન કરશે. તેણે જવાબ આપ્યો કે જો તું પ્રભુપ્રીતથી આ કામ કરતો હશે તો એકતો શું પણુ બન્ને દુનિયાની બલામાંથી ( અ- ડચણોમાંથી ) તું બચી જશે.

૬૭ ખરાબ માણુસો તથા ખરાબ કર્તવ્ય કરવાવાળાઓને હમેશ ડરા- વતા તથા ભય આપતા રહેવું તથા સારાં માણુસો અને સારાં કામ કરનારાઓને મોટી આશા આપતા રહેવું.

૬૮ જમાનાની વાડીમાં સુખના વૃક્ષની તાજગી માટે પવિત્ર ધર્મની નદી વિના આશા રાખવી નહિં.

૬૯ આપણા હાથમાંથી ઉપાય કરવાનો સમય ચાલ્યો જાય તે પહેલાંજ કોઇ પણુ કામ સુધારવું જોઇએ.

૭૦ મારી બાબતમાં માત્ર શકઉપરથી તું હુકમ ન કર, કારણકે કહ્યું છે

કે અલબત શક એ ખાત્રીની જેટલી કીંમતનો નથી. કારણ શંકાએ કોઈ દિવસ ખાત્રીનું કામ કરી શકે નહિં.

૭૧ જે દેશમાં માત્ર શક ઉપરથીજ કારભાર ચાલતો હોય ત્યાંથી જેમ બને તેમ ઝટ નાસી જવું.

૭૨ શંકાશીળતા અને ખાત્રી વચ્ચે ચાર આંગળીનું આંતર છે. આંખે જોઈએ તે ખાત્રી અને કાને સાંભળીએ તે બન્ને વાત વચ્ચે સચ્ચાઈ અને જુઠાઈપણાના શક વિષે કહેવાનું કારણ છે. વખતે એમ પણ બને છે કે સાંભળેલી વાત ખોટી પણ હોય છે.

૭૩ તારા સિવાય બીજો કોઈ તારો વિશ્વાસયુક્ત માણસ નથી. તારા સિવાય બીજો કોઈ તારો મત જાણી જાય તો તારા મત ને ડાહાપણ બન્નેને માટે રડવું જોઈએ.

---

# બળપ્રાપ્તિ.

( લેખક. શેઠ. જેશીંગભાઈ પ્રેમાભાઈ કપડવણજ. )

બળને પ્રાપ્ત કરવા શું તમને ઈચ્છા થાય છે, બળને પ્રાપ્ત કરવા સર્વને ઈચ્છા થાય છે. બળ એજ મનુષ્યનું જીવન છે. બળ વિનાનો મનુષ્ય શું મનુષ્ય સંજ્ઞાને પાત્ર છે; શક્તિ પ્રાપ્ત કરવા માટે પુરૂષજ સર્વ શિરોમણી ગણાય છે. પશુ, પક્ષી, અને જડ પદાર્થના બળનું માપ ગણી શકાય છે પણ મનુષ્યના બળનું માપ શું નીકળી શકે છે ? શું તેને આંકી શકાય તેમ છે ? મનુષ્યને જેટલી શક્તિ મેળવવા ઇચ્છા હોય છે તેટલી તે મેળવી શકે તેમ છે. મનુષ્યને માટે આ જગતમાં કશું જ અશક્ય ગણાય નહિં. તે સર્વ કરવા સમર્થ છે. કારણ કે દૈવી સત્તા પ્રાપ્ત કરવા તે પ્રથમ અધિકારી છે. મનુષ્ય આગળ દૈવી શક્તિઓ વિનંતી કરે છે કે " તું મને મેળવવા પ્રયત્ન કર અને અમને પ્રકટ કર " પોતાના બનતા પ્રમાણે શક્તિઓ મનુષ્યના અંતરની અંદર પોતાને પ્રકટાવનાર કલાને તથા ઈચ્છાને દર્શાવ્યાંજ કરે છે. જે મનુષ્ય તેની વિનંતી સ્વીકારે છે તેને તરતજ શક્તિઓ વરે છે અને તે તેના અનાદર કરનારને દુર્બલતાના પ્રદેશમાં ધકેલી મૂકે છે અને તેથી તેને સદા દુર્બલતાના પ્રદેશમાં બંધીવાન થઈને રહેવું પડે છે.

બળ–પછી દૈવી હો કે લૌકિક–પરંતુ તેને મેળવવાને માટે પ્રયત્ન એજ સારભૂત છે અને તે શું સર્વેને જાણીતું નથી; પ્રયત્ન થતાં જેમ લોહચુંબકપ્રતિ

લોહ આકર્ષાય છે તેજ માફક બળ પ્રયત્નપ્રતિ સ્વભાવિક આકર્ષાય છે. લાકડામાં જેમ અગ્નિ રહેલ છે, તે માફક મનુષ્યમાં બળ રહેલું છે. વસ્તુતઃ બળ કંઇ મનુષ્યથી ભિન્ન નથી. તેને જુદા પદાર્થતરીકે માનવું મુશ્કેલ છે કારણ કે જુદા પદાર્થમાં સત્વર નાશ થવાનો, તથા ખોવાવાનો, તેમજ ક્ષીણ થવાનો ભય છે પણ બળ જે મનુષ્યથી નિકટ છે તેથી તેને પ્રાપ્ત કરવામાં અશક્યતા માનવી એ ભૂલ ભરેલું છે.

બળ વા સામર્થ્ય કહો, તે મેળવવામાં શાની અગત્યતા છે એવો સ્વાભાવિક પ્રશ્ન ઉઠશે પણ મારે કહેવું જોઇએ કે બળ મેળવવામાં પ્રેમનીજ અગત્યતા છે. પ્રેમ પ્રકટ થતાં અવશ્ય બળ પ્રકટ થાય છે. શું પ્રેમ મનુષ્યમાં બળ નથી પ્રકટાવતો ? જ્યાં સાચો પ્રેમ છે ત્યાં તરતજ બળ પ્રકટ થાય છે. જ્યાં સુધી સાચો અંતઃકરણનો પ્રેમ પ્રકટ થતો નથી ત્યાં સુધી શું સાચું બળ પ્રગટે એમ છે; નહિજ.

પ્રેમ એજ બળને અર્પનાર સાધન છે એમ શું નથી સમજાતું ? જ્યાં પ્રેમ બળવાન હોય છે ત્યાં ગમે તેવું કઠીણ કાર્ય કરવા શું મનુષ્ય તત્પર નથી થતો ? શું સીતાના પ્રેમને લીધે રામે રણ યુદ્ધ નથી કર્યું ! શું રામના પ્રેમની ખાતર સીતાએ વનવાસ નથી વેઠ્યો ? શું નળના પ્રેમની ખાતર દમયંતીએ અતિ સંકટ સહન નથી કર્યાં. શું લલનાના પ્રેમની ખાતર મુજનુંએ ઓછું દુઃખ સહન કર્યું છે ! શું મહાન્ સતિ રાજુલે ભગવાન નેમીશ્વર ખાતર સંયમનો ભાર નથી વહન કર્યો.

આ શું સામાન્ય છે, અનેક સ્ત્રીઓએ પોતાના સ્વામીને મેળવવા માટે વિકટ કષ્ટો સહ્યાં છે. તે સર્વે કરવાનું બળ કોણે આપ્યું, પ્રેમેજ. સો મણની બેડીમાં જકડાએલ મહાન્ પૃથ્વીરાજ પોતાના પ્રીય ચંદ બારોટ આવ્યાની ખબર સાંભળી તત્કાલ ઉઠી તેને નથી ભેટયો ? પ્રેમની ખાતર કોઇ તપ તો કોઇ ઉપવાસ તો કોઇ ઉજાગરા કરે છે, પ્રેમની ખાતર કોઇ વનવન ભટકે છે. અનર્ગલ ધનનો વ્યય કરે છે તો કોઇ પોતાની જીંદગીનો ભોગ આપે છે. પ્રેમની ખાતર વખતે આગ્રહ નિગ્રહનો પણ ત્યાગ કરવો પડે છે. આવી આવી રીતનાં અનેક બળ પ્રેમી આદમીને પ્રાપ્ત થાય છે. સો મણ રુની તળાઇમાં સુનાર મનુષ્યો પ્રેમની ખાતર ધુળમાં આળોટતા શું નજરે નથી પડતા ? લોહીનાં ટીપાં દેખી ભડકનાર અને છરી દેખી કંપનાર પ્રેમને લીધે શસ્ત્રો વાપરતાં હજારો મનુષ્યનાં રૂધીરની નીકો વહેવડાવતાં બળનેજ પામ્યા છે. દૈવી અને લૌકીક સર્વે બળ પ્રેમને લીધેજ પ્રાપ્ત થાય છે.

સેંકડો કોશ દુર રહેલ પ્રીય જનને મળવાને માટે કોઇના પ્રાણ ટક-ટકી રહ્યા છે, કોઇને શીરમાં પડેલ ઘાનું પણ ભાન રહ્યું નથી. કોઈકને પ્રેમની લગનીમાં પોતાની ચામડી ચિરાય છે, કે અગ્નિમાં શેકાય છે કે તેલમાં તળાય છે, કે શરીર વહેરાવાય છે કે ખીલાથી જડાય છે, તેનું પણ ભાન રહ્યું નથી. પ્રેમને લીધેજ તેઓને આવા કશાનું ભાન રહ્યું નથી.

જેમનામાં પૂર્વે લેશ પણ કષ્ટ સહેવાનું બળ ન હતું તેમનામાં આ પ્રકારે અનેક જાતિનાં કષ્ટ સહેવાનું બળ આવ્યું કયાંથી ? કેવળ પ્રેમને લીધેજ આવ્યું નથી ? કેવળ પ્રેમને લીધેજ પ્રેમી પ્રીયાને મેળવવાને માટે કઇક નૃપતિઓએ રણમાં અપૂર્વ શૌર્ય દેખાડયું છે તેમજ જીંદગીનો પણ ભોગ આપ્યો છે. પોતાની પ્રીયતમાની સ્તુતિના શબ્દ માત્ર શ્રવણ કરવાની ખાતર અનેક નૃપતિઓએ રણક્ષેત્રમાં વીર હાક વગાડી છે, ખરેખર આ સર્વ બળ પ્રેમનેજ લીધે છે. પ્રેમ એજ બળ છે.

પ્રેમજ મનુષ્યને સર્વોતમ વક્તા બનાવે છે પ્રેમજ મનુષ્યને કવિ બનાવે છે, પ્રેમજ મનુષ્યને જ્ઞાની કરે છે, પ્રેમજ બુદ્ધિમાન, કળાવાન, આરોગ્યવાન, નીતિમાન, ધનવાન, તથા વીધવીધ દૈવી તથા સામાન્ય ગુણોથી યુક્ત મનુષ્યને બનાવે છે. પ્રેમજ મનુષ્યની પાસે વિવિધ લોકની શોધ કરાવે છે. પ્રેમજ મનુષ્યને ધ્રુવપ્રતિ આકર્ષે છે. પ્રેમજ મનુષ્યને આકાશમાં ઉડનાર સંચો ( Airship ) બનાવતાં તેમજ " wireless teligraph " દોરડાં વીનાનાં દુર દેશમાં સંદેશો પહોચડાવતાં, ગુલાબના છોડને કાંટાળાવિનાનો બનાવતાં, સો રૂપીઆના વ્યાપારમાંથી હજાર રૂપીઆ કમાવતાં અને એ વિના બીજા અનેક બળને પ્રકટાવે છે. અહો પ્રેમી ! તારૂ બળ ?

પ્રેમજ મનુષ્યને કચરામાંથી મિષ્ટતા કહાડતાં, બીટમાંથી સુગંધ કહાડતાં, જગતમાં ક્ષુદ્ર જેવા મનાતા નિર્માલ્ય પદાર્થમાંથી જીવન અર્પનાર તેમજ સંપત્તિ અર્પનાર સામર્થ્યને કહાડતાં શીખવે છે.

પ્રેમજ કુદરતમાં રહેલ ગુપ્ત રહસ્યોને પ્રકાશમાં આણતાં જીવને પરમાત્મ બનાવતાં, તેમ અજ્ઞાનને જ્ઞાનસ્વરૂપ બનાવતાં, તેમજ યોગને મોક્ષપર્યન્ત પહોચાડતાં મનુષ્યને શીખવે છે તેજ પ્રેમ વંદનીય છે.

જગતનો સઘળો વ્યવહાર પ્રેમને લીધેજ ચાલે છે. પ્રેમને લીધે નિર્વાહ તેમજ વૃદ્ધિ છે. પ્રેમજ ઉન્નતિનુ દ્વાર સમસ્થાન છે. જગત્ સર્વત્ર પ્રેમથી ભરેલ છે. સંબંધ બાંધવામાં પ્રેમજ હેતુભુત છે. જ્યાં પ્રેમ છે ત્યાંજ સંબંધ છે અને તુટવામાં પ્રેમનો નાશ એજ હેતુભૂત છે. પ્રેમને કશુંજ દુર

નથી. પ્રેમને જાતિભેદ તેમજ અવસ્થાભેદ નથી. લાખો ગાઉનું છેટું પ્રેમને હૃદયસમીપ છે. નીચવર્ણ પ્રેમની દૃષ્ટીમાં ઉચ્ચ છે. સોળ વર્ષનું બાલક ૮૦ વર્ષના પ્રેમની દૃષ્ટિમાં પોતાના સદૃશ લાગે છે. અહો ! તેજ પ્રેમના બળને ક્રોડીવાર ધન્ય છે.

આકાશસ્થીત સૂર્ય અને પૃથ્વીસ્થીત કમલ અનંત ક્રોશ દુર છતાં પ્રેમને લીધેજ તેઓનો સંબંધ છે. જલ અને કમલ નીકટ છતાં પ્રેમવિના તેઓને કશોજ સંબંધ નથી. ભવભૂતિ પણ આવુંજ કથન કરે છે.

**व्यतिषजति पदार्थान् आंतरः कोऽपि हेतुः ।**
**न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयंते ॥**

"પદાર્થોને પરસ્પર સંબંધ અથવા યોગ થવામાં આંતર કોઈ હેતુ છે. ખરે ! તેમાં બહારનો ઉપાધી નિમિત્તરૂપ નથી" પ્રેમ તારૂં બળ અપાર છે.

પ્રેમેજ જડ લોખંડના પૂતલને હચમચાવી મુક્યો છે. પ્રેમેજ જડ માટીની ભીંતને ચાલવાની શક્તિ આપી છે. પ્રેમેજ વાઘજેવા પ્રાણીને બકરીજેવાં દીન બનાવ્યાં છે. પ્રેમેજ ટીંટાડી પાસે સાગરને હંફાવ્યો છે. પ્રેમજ એક મનુષ્ય પાસે આખા ઈંદ્રાદીક દેવલોકને નીર્બળ બનાવી દીધેલ છે. વિશ્વવ્યાપી પ્રેમચક્ર સત્યજ છે ?

પ્રેમના બળને, પ્રેમથી થતા કાર્યને શું ગણાવું ? આત્માના બળનો કે કાર્યનો શું પાર પામી શકાય તેમ છે કે; પ્રેમના બનાવનો કે કાર્યનો પાર પામી શકાય; પ્રેમથી અભિન્ન થયેલ અંતઃકરણજ પ્રેમના બળને કાર્યને જાણી શકે છે અને તેજ અંતઃકરણ પ્રેમના બળને કાર્યને નિશ્ચયપૂર્વક વર્ણવવા સમર્થ છે.

વાંચકો ! શું તમારા અંતઃકરણને પ્રેમની અસરે સ્પર્શ કર્યો છે ? જો તમોએ સુક્ષ્મ બુદ્ધિપૂર્વક અનુભવ્યું હશે તો તમે સાંભળ્યું પણ હશેકે પ્રેમની અસર એક વીલક્ષણ પ્રકારની છે. ભયની, ચીંતાની, શોકની, દરીદ્રતાની અને એવાજ બીજા પ્રકારની અવસ્થામાં હૃદયની જે સ્થીતિ હોય છે તેવી વીલક્ષણ પ્રકારની સ્થીતિ પ્રેમની અસર થતાં અંતઃકરણની થાય છે. પ્રેમનો આવેશ કાર્ય કરતાં કંઇ જુદાજ પ્રકારનો હોય છે. પ્રેમથી હોયો થવાનું કાર્ય અતિ વેગવાન્ બળથી થાય છે. પ્રેમના આકર્ષણથી થતા કાર્યમાં જેવો આનંદ અને ઉત્સાહ હોય છે તેવો નિમિત્ત માત્રથી થતા કાર્યમાં આનંદ અને ઉત્સાહ દષ્ટીએ પડતો નથી. પ્રેમની અસર પશુ પક્ષી વગેરેને પણ હોય છે. વનસ્પતિમાં પણ પ્રેમ હોય છે. પાષાણ વગેરેમાં પણ પ્રેમની લાગણી હોય છે પ્રેમ મનુષ્યને મનુષ્ય

સાથે સંબંધ બાંધી આપવા સમર્થ છે એટલુંજ નહિ પણ ઉચ્ચ નીચ સર્વ સૃષ્ટિ સામે સંબધ બાંધી આપે છે. જો પ્રેમનો સદ્‌ઉપયોગ થાય છે તો તે સ્વર્ગાદીક સૃષ્ટિ સામે સંબંધ બાંધી આપે છે એટલુંજ નહિ પણ નાના જીવથી તે હેઠ ઇશ્વર સાક્ષાત્કાર પર્યન્ત્ સંબંધ બાંધી આપે છે. આપણામાં રહેલ પરમાત્મ સત્તાને પ્રકટ કરવાનું સામર્થ્ય પ્રેમજ અર્પે છે. પ્રેમને ગમે તેની સાથે સંબંધ બાંધવો એ પોતાને મન ગમતી વાત છે કારણ કે પ્રેમ એ આત્માની અનંત શક્તિઓ પ્રકાશીત કરનાર સામર્થ્ય છે. અહો ! તેજ પ્રેમને સર્વદા મારૂં વંદન છે.

પ્રેમ મનુષ્યને નીર્ભય તેમજ નીશ્ચંત બનાવે છે. પ્રેમ જાળ, ચીંતા વ્યાધી, શોક, દ્વેષ, કલેષ, ક્રોધ વીગેરેનો નાશ કરનાર છે. પ્રેમજ સર્વત્ર સેવવા યોગ્ય છે. જગત આજ અનેક દુઃખ, રાગદ્વેષ ગ્લાનિ વીગેરે વીકારોથી પીડાય છે. પ્રેમ એજ તેનું ઔષધ છે. પ્રીયબંધુઓ ભગિનિઓ—પ્રેમ તમારા અંતરમાં પ્રકટાવો. પ્રેમ પ્રકટ થતાં સૂર્ય ઉગવાથી જેમ અંધારાનો નાશ થાય છે તે માફક તમારા તમામ દુઃખનો નાશ થઇ જશે.

ક્ષુદ્ર પ્રેમ પ્રકટતાં તે ક્ષુદ્ર વ્યક્તી, સતા વા અવસ્થા સાથેતમારો સંબંધ બાંધી આપે છે. આથીજ આજે આપણે પ્રેમને ધિક્કારીએ છીએ. વસ્તુતઃ પ્રેમ કંઇ નીંદવા લાયક નથી પણ વંદન કરવા લાયક છે પરંતુ તેનો દુર ઉપયોગ કરવાથી એટલે કે નીચસ્થિતિમાં પ્રેમને પ્રેરવાથીજ આજે મનુષ્યને તેનાવડે દુઃખ પ્રાપ્ત થયું છે. ખરેખર તેમાં કંઇ પ્રેમનો દોષ નથી પણ તે તેની અવસ્થા સાથે સંબધમાં પ્રેરનાર મનુષ્યજ દોષ રૂપે હેતુભૂત છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ છતાં ઘુવડ આંધળો છે પણ તેમાં કંઇ સૂર્યનો દોષ નથી પણ ઘુવડનોજ છે. તેજ માફક પ્રેમની બાબતમાં પણ છે. વળી જેવી રીતે દીપકઉપર લીલી હોડી મુક્તાં પ્રકાશ લીલા રંગનો મારે છે તેમાં કંઇ દીપકનો દોષ નથી પણ વસ્તુતઃ તે લીલા રંગની હોડીથી આચ્છાદીત હોવાથીજ લીલો રંગ મારે છે, તેજ માફક પ્રેમમાં વસ્તુતઃ કંઇજ દોષ નથી પણ મનુષ્યજ દોષરૂપ છે. આથી એમ પણ સિદ્ધ થાય છે કે પ્રેમ કંઇ ધિક્કારવા લાયક નથી પણ પ્રેમ તો સર્વદા સ્તવવા લાયક છે. વળી જો તમે દીપકને કપડાની અંદર મુકો અને કદાપી કપડુ સળગી જાય તો તેમાં દીપકનો દોષ નથી પણ મુકનારનોજ છે તેજ માફક જો તમે પ્રેમનો દુર ઉપયોગ કરો અને તેથી દુઃખ પ્રાપ્ત

થાય તો તેમાં શું પ્રેમ દોષરૂપે લેખી શકાય ! નહીંજ. તેમાં પ્રેમ તો નિર્દોષજ છે. હલકો પ્રેમ થોડું તો સુખ ઉપજાવે છે પણ પ્રેમન્યુન અંશમાં તથા અશુદ્ધ હોવાથી થોડુ સુખ ઉપજાવી વધુ દુઃખજ આપે છે. જ્યારે હલકી સ્થિતિમાં બંધાએલ પ્રેમ થોડું પણ સુખ અર્પે છે તો અત્યંત ઉચ્ચ સ્થિતિમાં બંધાએલ વિશુદ્ધ પ્રેમ અનન્ય સુખ અર્પે તેમાં શું નવાઇ છે ! કંઇજ નહિ.

પ્રીય વાંચકો ! બળ માત્ર પ્રેમવડેજ મળે છે. પ્રેમ ગમે તે કાર્ય કરવાનું બળ ગમે તે રીતે પ્રાપ્ત કરી આપે છે. પ્રેમને બળની ખોટ નથી. પ્રેમ જ્યાં હાથ નાંખે છે, આંગળી દેખાડે છે, દ્રષ્ટિ ફેંકે છે ત્યાં સર્વત્ર બળ બળ ને બળજ છે તેથી પ્રેમનો આધાર લેતાં ગમે ત્યાંથી બળ આવી મળે છે. પ્રેમ ગમે તે કરવાના માર્ગને સુઝાડે છે. કોઇ પણ કાર્ય કરવું હોય અને માર્ગ ન હોય તો મુઝાવાની કંઇજ જરૂર નથી. જે કાર્ય કરવું હોય તેમાં અત્યંત પ્રેમ પ્રકટાવો અને પછી તે જે માર્ગ સુઝાડે તે માર્ગે દોરાવા પ્રયત્નશીલ થવું અને તેમજ યથામતિ સ્ફુરે પ્રયાસ કરવો. આમ કરતાંજ પ્રેમ કાર્ય સિદ્ધ કરવાનો માર્ગ સુઝાડશે.

અનેક અયોગ્ય કાર્ય સિદ્ધ કરવાના માર્ગને તે કાર્યના પ્રેમે સુઝાડેલ છે તો યોગ્ય કાર્ય પ્રતિનો તીવ્ર વા અતિશય પ્રેમ યોગ્ય કાર્યની સિદ્ધિનો માર્ગ શું જડતો ન દર્શાવે એમ સંભવીત છે ? અવશ્ય દર્શાવે છે.

જે જે બાબતમાં જેટલા અંશે પ્રેમ હોય છે તેટલા અંશમાં તે વિષયની સિદ્ધિ થાય છે. વિદ્યામાં. કળામાં, વ્યાપારમાં, શીલ્પકળામાં, અને એવી નાની બીજી અનેક કળાઓમાં તમારો જેટલા અંશે પ્રેમ હોય છે તેટલા અંશે અવશ્ય તમારી સિદ્ધિ થાય છે. પુત્ર પ્રાપ્તની, સ્ત્રી પ્રાપ્તની, સ્વતંત્રતાની અને એવી બીજી અનેક ઇચ્છામાં તમારો પ્રેમ તમને સિદ્ધિ અપાવે છે.

કોઇક જ્ઞાતિ સેવવાની, કે દેશ સેવવાની કે ઉત્તમ વસ્ત્ર પહેરવાની, કે ઉત્તમ મહાલય કરવાની ઇચ્છા પ્રેમવડેજ સિદ્ધ થાય એમ સંભવે છે. વિદ્યાનુ, ધનનુ, શરીરનું કળાનુ, મનનુ, નીતિનુ, તથા આત્મપર્યન્ત સર્વ પ્રકારનુ બળ તે તે વિષયમાં પ્રેમ ધરવાથીજ પ્રાપ્ત થાય છે. આજ સુધીમાં જેને જે પ્રકારનુ બળ વા જ્ઞાન પ્રાપ્ત થયું છે તે સર્વને તે વિષયમાં પ્રેમ ધરવાથીજ મળ્યું છે અને જેટલા

અંશમાં તેઓનો તે વિષયમાં પ્રેમ હશે તેટલા જ અંશમાં મળ્યુ હશે.

જે પ્રકારનુ બળ મેળવવા તમારી ઇચ્છા થાય તેજ પ્રમાણમાં તે વિષયમાં તમો પ્રેમ પ્રકટાવો. જેટલા અંશમાં તે વિષયની તમારી સિદ્ધિ કરવી હોય તેટલા અંશમાં તે ઉપર પ્રેમ પ્રકટાવો. દશ રૂપીઆ કમાનારને ઓછી લાયકાતની જરૂર છે જ્યારે મહીને સો રૂપીઆ કમાનારને વધુ લાયકાતની અગત્યતા છે. તેજ રીતે સામાન્ય કાર્યની સિદ્ધિમાં સામાન્ય પ્રેમ હોય તોપણ કદાચ નભી શકે પરંતુ મોટા કાર્યમાં તો અત્યંત પ્રેમની અગત્ય છે.

પ્રેમની ચડતી ઉતરતિ કોટી મનુષ્યને ન્યુનાધિક સુખ આપવામાં હેતુભૂત છે. તેથી વિશેષ સુખ પામવું કે ન્યુન તે મનુષ્યના પોતાનાજ હાથમાં છે. ઉચ્ચ સુખ ઇચ્છનાર મનુષ્યે ઉચ્ચ સ્થીતિનો પ્રેમ ધરવાનો છે. નીચ સ્થીતિના પ્રેમને સેવવાથી તો ન્યુનજ સુખ પ્રાપ્ત થાય છે.

સર્વથી ઉચ્ચ પ્રકારનો પ્રેમ તો પરમાત્મ સત્તાનુ ભાન કરાવે છે. પરમાત્મ સત્તા પ્રકટ કરવામાં પ્રેમજ માત્ર હેતુભુત છે અને શ્રેષ્ઠ પણ તેજ છે. પ્રેમથી જેટલી તીવ્રતાથી આત્મા અલૌકિક ઉચ્ચ કોટીએ ચઢે છે તેટલુ બીજા કશા પણ પ્રયત્નવડે પ્રાપ્ત થતું નથી. પ્રયત્નમાં પ્રેમતો અનુસ્યુત હોવાથી પ્રેમની શ્રેષ્ઠતા યથાર્થ છે. પ્રેમવીના કોઇ પણ પ્રયત્ન થતો નથી. તેમ પ્રેમથીજ સર્વ પ્રકાર ના પ્રયત્ન થાય છે એ વાત નિઃસંસય છે. સર્વથી શ્રેષ્ઠ જે ઇષ્ટપદ તેને જ્યારે પ્રેમજ પ્રાપ્ત કરી આપે છે ત્યારે તેથી નીચ સ્થિતિ વા સુખને પ્રેમ પ્રાપ્ત કરી આપે એમાં કશા પ્રકારનો સંદેહ નથી. ઇશને કશા પ્રકારનું બંધન નથી છતાં લોકોમાં બોલતાં પરમાત્મા પ્રેમના બાંધ્યા છે. એ કથન પ્રેમનું કેટલું અપૂર્વ મહાત્મ્ય સૂચવે છે! આગમતનું ભાન શું આપણને આપણા પુર્વાચાર્યોએ પોતાના રચેલ તીર્થંકરોના સ્તવનોમાં નથી કરાવી આપ્યું? ત્યારે પ્રેમનુ મહાત્મ્ય કેવા અમર્યાદ પ્રકારનું જણાય છે. પ્રેમ એ મુક્તિનો હેતુ છે એમાં શું સંશય સંભવે છે? આત્મા એ સત્તાએ પરમાત્મા હોવાથી પ્રેમ સિદ્ધ કરવાથી પરમાત્મ પદ પ્રાપ્ત કરે છે. જે કાંઇ કાર્ય કરવા તમને ઇચ્છા થાય તેમાં અત્યંત પ્રેમને પ્રકટાવો. તેનું સ્મરણ માત્ર તમારા રોમે રોમ પ્રફુલ્લ કરી શકે એટલા પ્રેમને તે કાર્ય માટે પ્રકટાવો ને તે વડે કાર્ય સિદ્ધિમાં ગમે તેવા કઠીણ પ્રયત્નની અગત્યતા હશે તોપણ તે પ્રયત્ન સિદ્ધ કરવાનુ બળ તમને આપશેજ.

" ઇષ્ટ વસ્તુ સિદ્ધ કરવા માટે અમને બળ નથી " એમ કહેવું એ ભુલ ભરેલ છે. તેને સિદ્ધ કરવા માટે તમને બળ છેજ અને વળી તેને માટે બળ કેવી યુક્તિથી પ્રાપ્ત કરવું તેની કુંચી તમોએ જાણી છે. એ કઠીણ નથી. અમને તમને એ સ્વભાવ સિદ્ધ હોવાથી બને તેવુંજ છે.

પરમાત્માપ્રીય સદ્દગુણી વાંચકો તેમજ ભગિનિઓ–કોઇ પદાર્થ માટે જ્યારે અત્યંત વિશુદ્ધ પ્રેમ પ્રકટે છે ત્યારે અન્ય પ્રાપ્તવ્યકાર્ય નીરસ ભાસેછે. તમારે પણ કાર્ય સિદ્ધિ અર્થે તમારા કાર્યમાં તમને જે પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેજ કાર્યમાં અત્યંત પ્રેમ પ્રકટાવવાનો છે અને બીજા સર્વ કાર્યમાં પ્રેમ ન્યુન કરી નાખવાનો છે. ભક્ત ઇશપદ મેળવાની ઇચ્છાવાળો હોવાથી તેનો ઇશમાં પ્રેમ હોય છે. પ્રેમી સ્ત્રીને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો પોતાની પ્રીયાપ્રતિજ અપૂર્વ પ્રેમને ધારણ કરે છે. તેજ પ્રમાણે વિદ્યાની, વ્યાપારની, તેમજ કમાવાની અને એવીજ બીજા પ્રકારની ઇચ્છા કરનાર પુરૂષે પોતાના તેજ વિષયમાં અપુર્વ પ્રેમ ધારણ કરવાની જરૂર છે અને જ્યારે તે તેમાં અપુર્વ પ્રેમ પ્રકટાવે છે ત્યારે તે કાર્ય સિદ્ધ કરે છે.

પ્રેમ પ્રકટાવી કરેલ પ્રયત્ન શુષ્ક લાગતો નથી અને તેથી તેમાં બળ નો ન્યુન ક્ષય થાય છે તોપણ પ્રયત્નનો ઉત્સાહ ઘટતો નથી પણ કાયમ રહે છે. કાર્યસિદ્ધિને અને **પ્રેમને તારસનાં જોડાં જેવો સંબંધ** છે.જ્યાં એક છે ત્યાં બીજુ હોય છે જ્યાં એક નથી હોતું ત્યાં બીજું નથી હોતું. કાર્યની સિદ્ધિ તો ત્યારેજ પ્રકટે છે કે જ્યારે પ્રેમરૂપી અરૂણોદય પ્રથમથી થયો હોય છે. ત્યારેજ

વિષયના સુખમાં પ્રેમ ધરવાથી વિષયનાં સુખ મળે છે. નિર્વિષય સુખ-માં પ્રેમ ધરવાથી નિર્વિષય સુખ પ્રાપ્ત થાય છે. મનુષ્ય જે, સુખની ઇચ્છાએ પ્રેમ ધારણ કરવાનો છે તેમાં વિવેકની અગત્યતા છે. જે સુખ અખંડ રહે તેવું હોય અને ઉચ્ચ પદમાં લઇ જનાર હોય તેવામાં પ્રેમ ધારણ કરવો એ વધુ યોગ્ય છે કારણ હલકા વિષયમાં પ્રેમ પ્રકટાવાથી શાંતિ તેમજ અખંડ સુખનું ભાન થતું નથી અને તેથી પુનઃ ઉચ્ચ પ્રેમ ધારણ કરવાનો રહે છે આથી વિવેકી સજ્જનોએ પ્રતિદિન પ્રેમ વધારવા પ્રયત્ન કરવો એ વધુ લાભપ્રદ છે.

સરખી ઇચ્છાના બે ચાર વિષય હોય તો તેમાં વિવેક પુર્વક ઉચ્ચવિષય વિચાર કરી જે અગત્યનો વિષય હોય એવા એકમાંજ પ્રેમને વધારવો એટલે કે બીજા વિષયમાં પ્રેમને ન્યુન અંશે સ્થીત કરવો. આમ કર્યાથી ઇચ્છીત કાર્ય સત્વર સિદ્ધ થાય છે.

પ્રોય વાંચક—ખગ પ્રામ અર્થે પ્રેમનેજ પ્રથમ યોજવાનો છે. માટે પ્રેમનેજ જ્યાં ત્યાં અધીકાધીક પ્રકટાવ. તે પ્રેમ યત્નનાપ્રકાશે સન્માર્ગે આગળ વધી અલ્પ સમયમાં તારા ઇચ્છીત વિષયને સિદ્ધ કર. એજ અંતિમ ઇચ્છા.

**પ્રેક્ષક ખુલાસો**

આત્માના સહજ સુખને માટે દેવ ગુરૂ અને ધર્મ આદિ સહજ સુખના કારણો ઉપર જે પ્રેમ કરવામાં આવે છે તેને **શુભ પ્રેમ** અથવા અપ્રશસ્ય રૂપ દોષ જવાથી નિર્દોષ પ્રેમ (શુભ ધર્મ પ્રેમ) કહેવાને લેખકનો આશય સમજવો.

ૐ **શ્રીગુરુ:**

# कर्म प्रकरण.

(લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ.)

(અંક દશમાના પાને ૩૧૭ થી અનુસંધાન)

**જીવો અશુભ પુદ્ગલોને પણ જાણ્યા છતાં ગ્રહણ કરે છે.**

કર્મો જડ છે અને આત્મા ચેતના યુક્ત છે. જડ પોતાની મેળે આશ્રય લેવા સમર્થ નથી છતાં જીવો જાણ્યા છતાં અશુભ કર્મોને ગ્રહણ કરીશકેછે. કોઇ પૂછે કે આનું શું કારણ હશે? તેના જવાબમાં કહેવાનું કે જીવોને સુખદુઃખના હેતુ ભૂત કર્મ છે અને કર્મો શુભાશુભ લેવાના નિમિત્ત ભૂત પાંચ કારણો છે.

(૧) સ્વભાવ (૨) કાલ. (૩) નિયતિ (૪) પૂર્વજન્મ કૃત્ય. (૫) પુરૂષાર્થ. કોઈ પણ કાર્યની શરૂઆત યાતો સિદ્ધિ આ પાંચ કારણોના સંમેલન થયા વિના સંભવતી નથી. દાખલા તરીકે ધારો કે કોઇ મનુષ્યને એવી ઇચ્છા થઇ કે. "આઝાડ ઉપર ફળ લાવી મારે ખાવું" હવે આપણે વિચાર કરી શું તો આપણને જણાશે કે જે ઝાડનું ફળ ખાવા તે ઇચ્છા રાખે છે તે ઝાડનો સ્વભાવ ફળ આપનાર હોવો જોઇશે કારણકે જો કોઇ વાંઝીઆ ઝાડની ફળ ખાવાની તે ઇચ્છા રાખે તો તેની આશા **આકાશ કુસુમવત્** સમજવી. માટે ઝાડ પ્રથમ તો ફળ પ્રદાતા હોવું જોઇશે અર્થાત્ ઝાડનો સ્વભાવ ફળ પ્રદાન હોવો જોઇશે. વળી તે ઝાડ અનુકુળ ઋતુ આવ્યા વિના ફળ આપનાર નથી કારણ કે **ઋતુ વિના ફળો**

**પાકતાં નથી.** માટે ફળ ખાવાની ઇચ્છા રાખનારે કાળની ( વખતની ) પણ રાહ જોવી જોઇશે. વળી તે ફળ ખાવાની તેને નિયતિ ( નિશ્ચયતા ) પણ હોવી જોઇશે. અર્થાત્ તે ફળ પામવાની તેની ભવિતવ્યતા હોવી જોઇશે. વળી તેમાં પૂર્વ જન્મ કૃત્યની પણ પૂર્ણ જરૂર રહેશે કારણ કે પુર્વ જન્મ કૃત્યથી તે ફળ પામવાની તેની ભવિતવ્યતા ના હોય તો ફળ વખતે પરિપકવ થયા વિના તુટી પડે, કોહી જાય, યા નહિં તો કોઇ જાનવર તેનું ભક્ષણ કરી જાય ને તેની આશાનો ભંગ થાય માટે તેની પણ જરૂર માનવી પડશે. વળી તેમાં પુરૂષાર્થની પણ મુખ્યતા રહેશે. કારણકે પુરૂષાર્થ કર્યા વિના કોઇ ચીજ પામી શકાતી નથી. ઝાડનું લાલન પાલન પણ પુરૂષાર્થ વિના થઇ શકતું નથી. વરસાદ વરસતો હશે ને કોઇ તરસ્યો આદમી તરશ છીપાવવા માગતો હશે તો તે ખોબલો કરી પાણી તેમાં ઝીલી પાણી પીશે તો તેની તરશ છીપશે, નહીંતો કંઇ પાણી તેના મુખમાં આવીનેનહીં પડી જાય માટે કાર્યની સિદ્ધિમાં પુરૂષાર્થની પણ પૂર્ણ જરૂર માનવી પડશે. કેટલાક અન્ય ધર્મી બંધુઓ કે જેઓએ જૈનધર્મનું ઉપર ચોટીયું જ્ઞાન સંપાદન કર્યું હોયછે અને બરોબર તેના તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હોતો નથી તેથી કરી એમ પ્રતિપાદન કરવા મથે છે કે જૈનો તો એકલા કર્મવાદનેજ માનનારા છે. જે થવાનું હોય છે તેજ થાય છે. " એમાંજ તેમને અતુલ શ્રદ્ધા છે " તે બંધુઓ ઉપરના દાખલાથી જોઇ શકશેકે જૈનો એકલી ભવિતવ્યતાને માનતા નથી પણ કાર્યની સિદ્ધિને અર્થે પાંચ કારણોની જરૂરીઆત માને છે. દરેક સારા વા નરસા કાર્યોના આધારભૂત આ પાંચ કારણો છે. સૃષ્ટિમાં પદાર્થોની ઉત્પન્નતાનો અને લયતાનો આધાર આ પાંચ કારણોના સબબે છે. એ જૈનોનો ખાસ મુદ્રા લેખ છે. આથીજ કરીને પૂર્વ જન્મ કૃત્ય, સમય આદિને લઇને જીવો જાણ્યા છતાં પણ અશુભ કાર્મોને ગ્રહણ કરે છે. દાખલા તરીકે માંદો મનુષ્ય પથ્ય પાળવાનું જાણતો છતાં પણ વખતે કંટાળીને અપથ્યનું સેવન કરે છે. યુદ્ધમાં ઘેરાયલો લડવૈયો શત્રુને તેમજ અશત્રુને હણે છે.

માયા ખરાબ છે—જુગુપ્સનીય છે એવું જાણ્યા છતાં પણ કેટલાક ધર્મી જીવો પણ માયાનું પૂર્વ કર્મયોગે સેવન કરે છે. આવી રીતે જો આપણે તત્ સબંધી વિચાર કરવા બેસીશું તો સહસ્ત્ર દાખલાઓ આપણી ચર્મચક્ષુ આગળ તરી આવશે. માટે જીવો જાણ્યા છતાં પણ અશુભ કર્મોને ગ્રહણ કરે છે એવો અપેક્ષાએ નિશ્ચય થાય છે. માટે સર્વ જીવોના સુખ દુઃખનાં આધારભૂત આ પાંચ કારણો છે પણ આપણે જેમને પરબ્રહ્મ,

વીતરાગો, પરમાત્માઓ, અર્હંતો, શંકરો કહીએ છીએ તેઓ સૃષ્ટિના કર્તા નથી તેમ જીવોને તેઓ સુખ દુઃખ કરતા નથી.

આ સ્થળે જો કે વિષયનું વિષયાંતર થાય છે તોપણ જે બંધુઓ જગત્ કર્તાપણું ઈશ્વરમાં-બ્રહ્મમાં આરોપે છે તેમને જણાવવાની શુભાકાંક્ષાથી તેમજ વિષય કર્મનો છે તેમજ સુખ દુઃખોમાં કર્મનીજ મહત્તા છે તે જણાવવાના શુભાશયથી આ સ્થળે થોડું વિવેચન કરવું યોગ્ય ધારી તે બાબત વાંચક વૃંદનું લક્ષ ખેંચું છું. કેટલા બંધુઓ એમ પ્રતિપાદન કરે છે કે દુનિયાના સર્વ જીવો **બ્રહ્માંશ** છે એટલે બ્રહ્મના અંશો છે. હવે આપણે તે પ્રત્યાલોચના કરીશું તો આપણને જણાશે કે જે વિજ્ઞાનવંત જીવો છે તે સર્વદા બ્રહ્મનું ચિંતન કરે છે. જો આપણે વાસ્તવીક રીતે કહીશું તો જ્યારે તેઓ બ્રહ્માના અંશો છે તો શા માટે તેમને બ્રહ્મનું ચિંતન કરવું પડે છે. **બ્રહ્મ** પોતાની મેળે વિના પરિશ્રમે તેમને પોતાની પાસે કેમ બોલાવી નહિ લે. સ્વભાવિક રીતે જ્યારે આપણે આપણી પોતાની ચીજને માટે કાળજી રાખીએ છીએ તો **બ્રહ્મ** જ્ઞાની થઇ પોતાની ચીજોનું રક્ષણ કરવા કેમ ચુકશે; માટે ચિંતન કરવાની શી જરૂર છે?

**સૃષ્ટિનો કર્તા ઇશ્વર નથી.**

આ સંબંધમાં કોઇ એમ દલીલ કરશે કે એવો સ્વાભાવિક નિયમ છે કે જો કે કોઇ આપણું પોતાનું સંબંધી હોય છે પણ જો તેમનાં આચરણ આપણા પ્રતિ વિરોધાભાસવાળાં હોય છે તો તે આપણા સંબંધી છતાં આપણે એમને તરછોડીએ છીએ, ધિક્કારીએ છીએ તો ઇશ્વર તો ન્યાય દૃષ્ટિમાં સંપૂર્ણ છે માટે જો તેનું ચિંતન કરે તોજ તે સહાય કરે નહિતો ના કરે એ ખુલ્લું છે, માટે તેનું ચિંતન કરવું જોઇએ.

હવે આ તેમનું કહેવું કેટલું યથાર્થ છે તેનું આપણે જ્ઞાન લોચનથી તોલન કરીએ. એટલું તો સર્વ કોઇ કબુલ કરી શકશે કે બ્રહ્મની શક્તિ અને મનુષ્યોની શક્તિમાં ગાડાનાં ગાડાં જાય એટલો ફેર છે. હવે આપણે વિચાર કરીશું તો જણાશે કે જ્યારે આપણે આપણા પોતાના સંબંધીને માટે અથાગ પ્રયત્ન કરીએ છીએ અહોનિશ તે ખરાબ સ્વરૂપમાં ન બદલાઇ જાય તેને માટે કાલજી રાખીએ છીએ તો પછી ઇશ્વર જે સર્વે શક્તિમાન છે તે તો પોતાની ચીજને ડાઘ પણ શેનો પડવા દે અને પોતાની પાસે લેવામાં પણ કેમ ચુકે કારણકે જો ચુકે તો તેમનામાં દોષારોપણ આવી શકશે. અથવા એમ નહિ બને તો તેમની બચાવ કરવાની શક્તિમાં ખામી જણાશે.

માટે જો જીવો **બ્રહ્માંશ** હોય તો તેમને ચિંતન કરવાની આવશ્યકતા રહેતી નથી. " તર્યાને તરવાનું શું ! ભણેલાને ભણવાનું શું ! " પણ આમ દુનિયામાં જણાતું નથી. ઘણા લોકો બ્રહ્મનું અર્ચન પૂજન ચિંતન કરતા દેખાય છે. બ્રહ્મ મેળવવાને માટે અથાગ મહેનત કરે છે તો તેથી સિદ્ધ થાય છે કે દુનિયાના જીવો બ્રહ્માંશ નથી. જૈન દ્રષ્ટિએ જોતાં સર્વે જીવોમાં બ્રહ્મની સત્તા રહેલી છે અને જેમ કોઇ લુગડામાંથી મેળ જતો રહે છે કે તે પાણીને તળીએ બેસેલું ઉપર આવી શકે છે તેમ જીવોને જ્યારે કર્મનું નિબિડ બંધન જતું રહે છે ત્યારે જેમ વાદળા જતા રહેવાથી સૂર્યનું પ્રકાશ ઝળહળી રહે છે તેમ આત્મસ્વરૂપ ખીલી નીકળે છે અને સિદ્ધ રૂપ જીવો થાય છે પણ તેથી કંઈ એમ નથી કે જીવો બ્રહ્મના અંશો છે. એટલે બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે. વળી કેટલા બંધુઓનું એમ ધારવું થાય છે કે જેમ નદીમાં ચાલતો પાણીમાં વાયુના પ્રસારના બળે ગણો કે આઘાત વ્યાઘાતના નિયમને લેઇને ( Law of action & reaction ) પરપોટા થાય છે અને પાછા પાણીમાંજ સમાઈ જાય છે. તેવી રીતે જીવો બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્મમાંજ સમાય છે. તેમ બ્રહ્મમાંથી પણ માયાના આવેશથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને માયાના અદ્રશ્ય થવાથી પાછા જીવો બ્રહ્મમાં સમાઇ જાય છે. આથી તો આપણને એક મહત્વનો સવાલ ઉત્પન્ન થશે કે માયાએ જ્યારે બ્રહ્મમાંથી જીવો ઉત્પન્ન કર્યાં ત્યારે જોર કોનું વધારે માયાનું કે બ્રહ્મનું. વળી જ્યારે માયા સમર્થ થઇ તો પછી એવો તે કોણ મુર્ખ હોય કે બ્રહ્મને પૂજે. આખાને મુકી અધુરાને કોણ ઝાલે.

**यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिसेवते ।**
**ध्रुवाणि तस्यनस्यन्ति अध्रुवंनष्ट मेवच ॥**

માટે જો આખાને મુકી અધુરાનું સેવન કરે તો છેવટે તેનું આખું તો નષ્ટ થાય એટલું જ નહિં પણ અધુરામાંથી પણ અધુરું મલે. માટે સર્વે કોઇ ન્યાય દ્રષ્ટિથી પણ એમ વિચારે તો માયાનું જ આવાહન કરવું જોઇએ. પરંતુ માયાને તો જુગુપ્સનીય ગણી યોગીઓ ત્યજી દે છે એ પ્રત્યક્ષ છે માટે તે દાખલાથી જેઓ સૃષ્ટિનું કર્તા પણું બ્રહ્મમાં આરોપે છે તેઓ પોતાનું સાધ્ય બિંદુ સિદ્ધ કરવામાં હવામાં કિલ્લા બાંધે છે એમ જાણવું. વળી **ચિભડામાં વરાલ ! અગ્નિમાં શીતળતા !** આ શું કોઇ માની શકે ? અર્થાત નજ માની શકે. તેમ પરબ્રહ્મમાં માયાને વાસ કરવાનો અવકાશજ ક્યાંથી મળે-વમેલા આહારનું કોઇ ભોજન કરે ? અર્થાત્ નજ

કરે તો પરબ્રહ્મ શુદ્ધ ચિદાનંદ નિર્મલરૂપે થયા પછી માયાનો તેમનામાં અંશ પણ સંભવી શકે? અર્થાત નજ સંભવી શકે માટે જે બંધુઓ જલમાં પરપોટા ઉત્પન્ન થાય છે અને તેમાં લય પામે છે તેમ સર્વે જીવો બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્મમાંજ લીન થાય છે એમ માને છે તે ન્યાય યુક્ત નથી. વળી જો આપણે તે સંબંધમાં વધારે ને વધારે દુર જતા જઈશું તો આપણને તે બાબત વધારે ખાતરીથી સમજાશે.

કોઇ પણ કાર્યમાં (૧) ઉપાદાન (૨) અપેક્ષા (૩) નિમિત્ત (૪) અને અસાધારણ કારણ હોય છે. તેમાં જે ઉપાદાન કારણ છે તે મુખ્ય છે કારણ કે તે વિના કાર્યની અસ્તિતાજ સંભવી શકતી નથી. દાખલા તરીકે ઘડાનું ઉપાદાન કારણ માટી છે. હવે ધારો કે માટી વિના ઘડો ક્યાંથી બની શકે. **मूलंनास्ति कुतःशाखा** મૂળ ના હોય તો શાખા ક્યાંથી હોય. હવે જો આપણે આ જગત ઇશ્વર રચિત–બ્રહ્મ-રચિત માનીશું તો આપણે પણ બ્રહ્મને આ સૃષ્ટિનું ઉપાદાન કારણ કલ્પવું પડશે અને એમ માનીશું તો આ સર્વે જગત બ્રહ્મમય થશે. હવે જ્યારે જગતજ જો બ્રહ્મમય છે તો પછી પુણ્ય કરવાનું પણ કારણ શું. યોગીઓને ઘણાં ઘણાં કષ્ટો વેઠી યમ નિયમ પ્રાણાયામ, હઠયોગ, રાજયોગ વિગેરે શું કરવા કરવું પડે. જ્યારે સર્વ જગત્ બ્રહ્મમય છે તો પુણ્ય પાપનું ફળ પણ કોણ ભોગવશે. જ્યાં પુણ્ય પાપનો પ્રલય ત્યાં ભોગવવાની તો વાતજ શી. માટે જો સૃષ્ટિ કર્તાનું ઉપાદાન કારણ સ્થાપીએ છીએ તોએ બ્રહ્મ કર્તા આ સૃષ્ટિનો ઠરી શકતું નથી. કારણ કે આપણે મુક્તિને માટે પ્રયાણ કરનાર મુક્તિ પરાયણ જીવો નજરે નિહાલીએ છીએ. નીર્જરા માટે તપ નિયમ વિગેરેનું સેવન કરીએ છીએ માટે સર્વે જગત જો બ્રહ્મમય હોય તો તેમ કરવાનું શું કારણ છે. જૈન ધર્મના નિયમ પ્રમાણે દુનિયામાં અનંત જીવો છે ને સર્વેની અંદર સિદ્ધસમાન–બ્રહ્મસમાન સત્તા છે. તેઓ અનાદિ કાળથી છે. તેમને કોઈ બનાવતુ' નથી. જેમ જેમ કર્મના બંધનથી મુક્ત થાય છે તેમ તેમ પરમાત્મા થાય છે. એવા અનંત પરમબ્રહ્મ મોક્ષે ગયા છે અને જશે. **મુક્તિનો પંથ કંઈ કોઇએ રજીસ્ટર કરેલો નથી** સર્વેને માટે ખુલ્લો છે. જે જે જેવાં કર્મ કરશે તેવાં તે ફળ પામશે પછી ચ્હાય તો જૈન હશે બ્રાહ્મણ હશે, મુશલમાન હશે, જોગી હશે, સંન્યાશી હશે, ફકીર હશે ફાવે તે નાત જાતનો હશે પરંતુ જે માયાનું નિબિડ બંધન ત્યજશે અને કર્મથી વિરક્ત થશે તે મોક્ષે જશે એવું જૈનો ખુલ્લી રીતે કહે છે.

વળી ઇશ્વરે જગત બનાવ્યુ તેની દલીલમાં કેટલાક બંધુઓનું એમ કહેવું થાય છે કે જો કોઇ વસ્તુને કોઈ બનાવનાર હોય છે ત્યારેજ તે વસ્તુ બને છે એ પ્રત્યક્ષ છે માટે સૃષ્ટિનો બનાવનાર પણ કોઈ હોવો જોઈએ છીએ. આથી ઇશ્વર જગત કર્તા સિદ્ધ થાય છે—આમ માનનાર બંધુઓ જ્યારે દરેક કાર્યનુ કારણ શોધવા બેસશે ત્યારે તેમને અમુક વસ્તુએ અટકયા સિવાય છુટકો થવાનો નથી અને કાર્ય કારણનો નિયમ અમુક આદિ તત્વને લાગુ પાડી શકશે નહિ. જેથી પોતે પોતાના મતના વિરોધી થાય છે. દાખલા તરીકે એક ચોપડી લો અને તેનું કાર્ય કારણ આપણે ખોળીએ તે ચોપડીના કાગળો લુગડામાંથી બન્યા હવે તે લુગડું શેમાંથી બન્યુ તો કે રૂમાંથી રૂ શેમાંથી પેદા થયું તો કહેવું પડશે કે ઝાડમાંથી ઝાડ શેમાંથી પેદા થયું તો કહેશે બીજમાંથી બીજ શેમાંથી પેદા થયું તો કહેવું પડશે કે છોડમાંથી આમ અમુકહદે કાર્યકારણની આદિ ખોળનારને અટકવું પડશે અને આદિત્વને પણ પામી શકાશે નહિ—**"જર્મનીમાં કીલયુનિવરસીટીમાં તત્વજ્ઞાનનો પ્રોફેસર ડૉ. પૉડલ્યુશન માનસિક શાસ્ત્રના મુળ તત્વો" તેના ગ્રંથમાં કાર્ય કારણના નિયમ વિષે બે ધડકથી જણાવે છે કે "જેમ દિસા અને કાળ અપરિમિત છે" તેમજ કાર્ય કારણના નિયમની જાળ અનાદિ અનંત છે અને તે જણાવવાને તે નીચેની સાબીતિઓ આપે છે. (૧ જો તે અનાદિ ના હોય તો આપણે વસ્તુઓની પ્રથમ સ્થિતિ ધારવી પડશે આ સ્થિતિમાં ઉન્નતિ થાય માટે તેમાં ફેરફાર થવો જોઇએ અને વળી આ ફેરફાર આગળના ફેરફારની અસરરૂપ થશે ( આ રીતે અનવસ્થા દોપનો પ્રસંગ આવશે. ) (૨) કાર્ય કારણની સાંકળ અંત વિનાની છે કારણકે યોગ્ય કારણના કાર્યરૂપ થયા સિવાય કોઈ પણ ફેરફાર કોઈ પણ વખતે થઇ શકે નહિં, માટે જો કાર્ય** કારણના નિયમની જાળી અનાદિ અનંત છે તો પછી આ જગતને પણ અનાદિનું છે એમ માનવું પડશે. વળી આપણે બીજી રીતે જોઈશું તો પણ આપણને સ્પષ્ટ માલમ પડશે કે, બ્રહ્મ જ્યારે નિક્રિય છે અરૂપી છે તો પછી આ રૂપી જગત તે કેમ બનાવી શકે ! અરૂપી, રૂપી ને બનાવે એ કેવળ અસંભવિત છે, વળી આ સંબંધમાં કદાચ કોઇ એમ દલીલ કરેકે મનુષ્યોને આપણે ઘર બનાવતાં યાતો હજારો ચીજો બનાવતાં જોઇએ છીએ, શું તેમનામાં આત્મા નથી? જો તેમનામાં આત્મા છે તો તે રૂપી છે કે

અરૂપી ? તો જ્યારે મનુષ્યો સહસ્ત્ર ચીજો બનાવી શકે તો ઇશ્વર તો સર્વ શક્તિમાન છે તો તે જગત્ રચી શકે તેમાં શું નવાઇ ? માટે ઇશ્વર જગત્ રચી શકે છે એ સિદ્ધ થાય છે આમ તેમનું કહેવું યથાર્થ નથી. કારણકે જો બ્રહ્મ જે પોતાની સ્વભાવ દશામાં–સ્વસ્વરૂપમાં લીન છે તેમને આપણા જેવી **વિભાવ** દશામાં મુકવા એ ન્યાય યુકત નથી. સરખામણી સરખા સરખાની થઇ શકે પણ પ્રતિ સ્પર્ધી વિરોધાભાસવાળાની કદી થઇ શકે નહિં. કમળો થવાથી માણસ સર્વે પીળું જુએ તેમાં રોગનોજ સદ્ભાવ છે. તેમ કર્માવરણથી ઘેરાયલા આત્માની અર્થાત્ વિભાવ દશામાં રહેલા આત્માની સ્વભાવ દશામાં મુક્ત થયેલા આત્મા સાથે કદી સખામણી થઇ શકે નહિ. છેવટ સારાંશમાં કહેવાનું કે સૃષ્ટિનો કર્તા ઇશ્વર–બ્રહ્મા–કોઇ દિવસ હરી શકતો નથી.

અપૂર્ણ.

---

## બોર્ડીંગ પ્રકરણ.

આ માસમાં આવેલી મદદ.

૫–૦–૦ શા. મોહનલાલ અમીચંદ બા પાંચ વરસ સુધી આપવા કહેલા તે પૈકી પહેલા વરસના હ. શા. ઇશ્વરલાલ હરજીવનદાસ. સાંગણપુર.

૫–૦–૦ બ્હેન નાથી હ. ધનજીભાઈ વખતચંદ અમદાવાદ.

૫–૦–૦ શા. માણેકલાલ વસ્તારામ બા. તેર વર્ષ સુધી આપવાના કહેલા તે પૈકી ચોથા વરસના. અમદાવાદ.

૫–૦–૦ શા. નગીનદાસ ધરમચંદ હ. હરખચંદ ભુરાલાલ અમદાવાદ.

૧૦૦–૦–૦ શેઠ. મોહલાલભાઇ મગનલાલ તરફથી તેમના મરહુમ દિકરા કેશવલાલ ( શંભુપ્રસાદ ) મોહલાલ ભાઇના સ્મર્ણાર્થે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે આપવા માટે હા. ઝવેરી અમૃતલાલ મોહલાલભાઇ અમદાવાદ.

૧૫–૦–૦ શ્રી જૈનશ્વેતાંબર બોર્ડીંગ સ્હાયક મંડલના સેક્રેટરી વકીલ વેલચંદભાઇ ઉમેદચંદ મારફત.

૫–૦–૦ શા. સકરાભાઈ માનચંદ અમદાવાદ.

૧૦–૦–૦ શા. મણીલાલ ડાહ્યાભાઇ અમદાવાદ.

**ચોપડીઓ** ઝવેરી લલ્લુભાઇ રાયચંદ તરફથી સુર્યકાન્તની બુક ૧ હ. માણેકબા.

( ચાલુ. )

# લવાજમની પહોંચ.

સને ૧૯૦૯-૧૦ની સાલનાં નીચેના નામો નિચે પ્રમાણે સુધારી વાંચવા.

| વર્ષ. | અંક. | ખોટું. | ખરૂં. |
|---|---|---|---|
| ૧ | ૮ | ગીરધરલાલ પ્રેમચંદ. | ગીરધરલાલ હેમચંદ |
| ૧ | ૮ | પોપટલાલ બાપુભાઇ | પોપટલાલ અમથાશા |
| ૧ | ૮ | પુંજાભાઈ માનચંદ | પુંજાભાઇ નાનચંદ |
| ૨ | ૪ | કાળાભાઇ પાનાચંદ | કીલાભાઇ પાનાચંદ |

## સને ૧૯૦૯ ની સાલના લવાજમની પહોંચ.

| | | |
|---|---|---|
| કેશવલાલ છોટાલાલ | ખીમચંદ ઉજમશી | મગનલાલ કંકુચંદ |
| નરોતમદાસ ભાણજી | હેમચંદ અમરચંદ | મોતીચંદ દેવચંદ |
| ત્રીભોવનદાસ લહેરચંદ | સાંકલચંદ માધવજી | ડાહ્યાભાઇ રૂપચંદ |
| કેશવલાલ અમથાશા | કેશવલાલ નાથાભાઈ | મંગલદાસ લલ્લુભાઈ |
| પાનાચંદ પ્રેમચંદ | છગનલાલ લખમીચંદ | શકરચંદ કસ્તુરચંદ |
| ડાહ્યાભાઇ મગનલાલ | સાંકલચંદ ઇચ્છાચંદ | ચીમનલાલ પ્રેમચંદ |
| સોમચંદ ભગવાનદાસ | છોટાલાલ ગહેલાભાઇ | ફુલચંદ દુલભજી |
| નહાનચંદ રાયચંદ | બાલાભાઈ કેવલદાસ | મંજરલાલ કાળીદાસ |
| હિરાલાલ છોટાલાલ | લાલભાઈ હિરાચંદ | પરસોત્તમ ફુલચંદ |
| સાકલચંદ ફુલચંદ | હઠીસીંગ ભાયચંદ | મોહનલાલ આશારામ |
| બાલાભાઇ સાંકલચંદ | ચંદુલાલ લવજીભાઇ | અમૃતલાલ વિરચંદ |
| ચીમનલાલ ડુંગરશી | માનચંદ નગાજી | કંકુચંદ રાયચંદ |
| માણેકચંદ ખેમચંદ | વાલચંદ લીલાચંદ | મણીલાલ લાલચંદ |
| ચાંદાજી ગમનાજી | લાલભાઇ નગીનદાસ | કીશનદાસ વેલાજી |
| નારણદાસ ઉમેદચંદ | માણેકચંદ જેચંદ | માણેકચંદ મલુકચંદ |
| કીશનદાસ ઇંડરભાઈ | મોતીચંદ પ્રેમચંદ | મગનલાલ નહાનચંદ |
| મોતીચંદ પીતામ્બરદાસ | મોહનલાલ બુલાખીદાસ | ગગલભાઇ હાથીભાઇ |
| છગનલાલ ગણપતદાસ | અંબાલાલ દોલતરામ | લલ્લુભાઇ સોભારામ |
| વિઠ્ઠલદાસ માનચંદ | નહાલચંદ ભગવાનદાસ | મણિલાલ ચુનીલાલ |
| ધનજીભાઈ ગણેશભાઇ | કીશોરદાસ પ્રેમચંદ | લાધાજી મોતીલાલ |
| ગોવાજી ભુતાજી | પેથાજી ગમનાજી | ભગવાનજી વજીંગજી |
| લખમીચંદ હેમરાજ | મોહનલાલ મંછાભાઈ | રતનજી ત્રીકમજી |

ઉમીયાશંકર મકનજી
કેશવલાલ લાલચંદ
કાલીદાસ તેજાજી
મોતીચંદ ગીરધરલાલ
બાલાભાઇ ભાઇલાલ
નાગરદાસ રવચંદ
શકરચંદ મહોકમદાસ
ગોકલભાઇ બાપુભાઇ

# સને ૧૯૧૦ ની સાલના લવાજમની પહોંચ.

વમલચંદ મલુકચંદ
સોમચંદ માણેકચંદ
નથુભાઇ દોલતરામ
કુચંદનજી કપુરંદ
જગાભાઈ લલ્લુભાઈ
ધરમચંદ વેલજીભાઇ
માણેકલાલ હરિલાલ
છોટાલાલ રતનચંદ
ડાહ્યાભાઇ પીતામ્બર
ખીમચંદ ઊજમશી
મણિલાલ સાંકલચંદ
હિરાચંદ સજાણજી
ચુનીલાલ ગરબડદાસ
હઠીશીંગ ભાયચંદ
શ્રી. જૈનોદય બુધ્ધિસાગરજી સમાજ સાણંદ
ઉજમશી દીપચંદ
ચંદ્રભાણ દેવકરણ
ત્રીકમલાલ લલ્લુભાઇ
ચુનીલાલ અમૃતલાલ
ચુનીલાલ દલસુખભાઇ
અમથાલાલ રવચંદ
નાથાલાલ છગનલાલ
હીમચંદ મલુકચંદ
કાલીદાસ બહેચરદાસ
અનોપચંદ સાંકલચંદ
ડાહ્યાભાઇ ચુનીલાલ
શ્રીજૈનલાયબ્રેરી વિરમગામ
ચીમનલાલ અમથાદાસ

નરોત્તમદાસ હરજીવન
લખાભાઈ ભુલાભાઈ
પાસુભાઈ ભીમશી
ફતેચંદ રામચંદ
છોટાલાલ હરગોવિંદ
ભીખાભાઈ અમુલખ
નગીનચંદ ઝવેરચંદ
નાથાલાલ પરસોત્તમદાસ
બાલાભાઈ ચકુભાઇ
જેચંદભાઇ લાલચંદ
હિરાલાલ છોટાલાલ
છકડભાઈ હરજીવનદાસ
વિઠ્ઠલદાસ મોતીલાલ
ખેમચંદ ત્રીકમદાસ
શુખલાલ ઉજમશી
જેચંદ માનચંદ
ગફુલભાઈ સાંકલચંદ
રાયચંદ રવચંદ
ત્રીકમલાલ લલ્લુભાઈ
લલ્લુભાઇ જીવરાજ
બાલુભાઇ લવજીભાઇ
છગનલાલ હઠીશીંગ
ચુનીલાલ પ્રેમચંદ
મોહનલાલ ગીરધરભાઇ
ગોરધનભાઇ જેચંદભાઇ
લલ્લુભાઈ હકમચંદ
દેવચંદ જમનાદાસ

ચુનીલાલ પાનાચંદ
મુલચંદભાઈ અભેચંદ
રતનચંદ છગનલાલ
મનસુખરામ કરમચંદ
મથુરશી ચતુરશી
પરસોત્તમદાસ દામોદર
કાલીદાસ ડાહ્યાભાઇ
મુલતાનમલ મેઘરાજજી
કલ્યાણચંદ કેશવલાલ
ચુનીલાલ હિરાચંદ
નાથાભાઈ હઠીશીંગ
શ્રીજૈનલાયબ્રેરીલીંબણજ
ચીમનલાલ જીવરાજ
દેવકરણ અદેકરણ
મગનલાલ કાલીદાસ
લલ્લુભાઇ મગનલાલ
કચરાભાઈ નથુભાઈ
મોહનલાલ મગનલાલ
બાદરભાઇ ઝવેરચંદ
વેલચંદભાઈ હિરાચંદ
મગનલાલ ઉજમભાઇ
વાડીલાલ ચકુભાઇ
ચીમનલાલ ચુનીલાલ
ભીખાભાઇ દેવચંદ
નહાલચંદ ગગલદાસ
અમૃતલાલ વનમાળીદાસ
બાપલદાસ લલ્લુભાઇ

| | | |
|---|---|---|
| મુલચંદભાઈ તલકચંદ | પોપટલાલ કચરાભાઇ | મોહનલાલ નગીનદાસ |
| ભોગીલાલ પ્રેમચંદ | છોટાલાલ જયચંદ | દલસુખભાઈ કેવલચંદ |
| બાપુલાલ પ્રેમચંદ | ચંદુલાલ શોભાગ્યચંદ | કુંવરજીભાઇ આણંદજી |
| રણછોડલાલ છગનલાલ | પન્યાસશ્રી સિદ્ધિ વિજ્યજી | શેઠ પુનમચંદ કરમચંદ |
| ડાહ્યાભાઇ દલસુખભાઇ | ભાયચંદ નાથાભાઈ | મોતીચંદ મંગલજી |
| મફતલાલ જેચંદભાઈ | ત્રીભોવનદાસ દલપતભાઇ | ધુળાભાઈ મોતીચંદ |
| સોમાભાઇ રાયચંદ | જેશીંગભાઇ ઠાકરસી | છગનલાલ કરમચંદ |
| હિરાલાલ મુલચંદ | વાડીલાલ વખતચંદ | છોટાલાલ લલ્લુભાઇ |
| કેશવલાલ હઠીસીંગ | ડાહ્યાભાઈ નથુભાઇ | ચત્રભુજ જેચંદ |
| ડાહ્યાભાઇ લાલચંદ | મણીલાલ મગનલાલ | લાલભાઇ ડોસાભાઇ |
| કેશવલાલ રતનચંદ | પુંજાભાઇ માનચંદ | શોમચંદ જેતીદાસ |
| ભીખાભાઇ ઠાકરશી | સાંકલચંદ નહાલચંદ | નહાનાલાલ જગજીવનદાસ |
| નગીનદાસ તારાચંદ | દલાભાઇ ભુદરભાઇ | લલ્લુભાઇ ઉમેદચંદ |
| શોમચંદ ગુલાબચંદ | રતનચંદ લધાજી | મુલચંદ ગહેલુભાઈ |
| વાડીલાલ જોડીદાસ | ચીમનલાલ ખીમચંદ | ચંદુલાલ લલ્લુભાઇ |
| મોહનલાલ હેમચંદ | જીવરાજ નારણ | ચુનીલાલ મયાચંદ |
| મણિલાલ માધવજી | અનોપચંદ હઠીશીંગ | કચરાભાઇ પુરસોત્તમ |
| શંકરલાલ જેચંદભાઇ | પરસોત્તમ ભીખાભાઇ | બાલચંદ ત્રીભોવન |
| છગનલાલ ઉમેદચંદ | રા. ઝવેરભાઇ (લીંબડી) | અમુલખચંદ બહેચરદાસ |
| રા. જશવંતસીંગ(જોધપુર) | પદમસી રાયચંદ | ફુલચંદ હેમચંદ |
| હેમચંદ પુરસોત્તમ | હઠીસીંગ ડાહ્યાભાઇ | પોપટલાલ મુલચંદ |
| લાલચંદ રતનચંદ | હઠીશીંગ ગગાભાઇ | મણીલાલ ગહેલાભાઇ |
| બુધાલાલ ડાહ્યાભાઇ | ડાહ્યાભાઇ ઉમેદચંદ | મહાકેમલાલ વખતચંદ |
| કેવલદાસ ત્રીભોવન | મોહનલાલ નાગરદાસ | પોપટલાલ ગુલાબચંદ |
| જેશીંગભાઈ નરોતમદાસ | નાથાલાલ લખમીચંદ | જેઠાલાલ ગુલાબચંદ |
| કેશવલાલ હેમચંદ | દીપચંદ પાનાચંદ | મગનલાલ લાલચંદ |
| હિરાચંદ દીપચંદ | જીવરાજ લલ્લુભાઇ | તલકચંદ ભાયચંદ |
| ગાંડાભાઇ ગુલાબચંદ | નાથાલાલ ખુબચંદ | હિરાચંદ જેશીંગભાઇ |
| મથુરદાસ છગનલાલ | કેવલદાસ પીતામ્બર | વેલશીભાઇ હેમચંદ |
| કેશવલાલ ત્રીકમદાસ | શલુભાઇ નાથાભાઈ | કાલીદાસ સાંકલચંદ |
| મુલજીભાઇ નથુભાઇ | ફકીરચંદ ટોકરદાસ | મોતીચંદ હિરાચંદ |
| મગનલાલ ધરમચંદ | વિરચંદ લલ્લુભાઇ | મણીલાલ ઉમેદચંદ |

| | | |
|---|---|---|
| વૈઘરાજ નગીનદાસ | જુઠાભાઇ સુંદરજી | મોહનલાલ વખતચંદ |
| હીમચંદ ભગવાનદાસ | ગોપાળદાસ છગનલાલ | અમૃતલાલ કેવલદાસ |
| પુંજાભાઈ નહાનચંદ | છગનલાલ કપુરચંદ | લલ્લુભાઇ જીવરાજ |
| દલશુખભાઇ કરમચંદ | મણીલાલ લલ્લુભાઈ | વાડીલાલ નાથાભાઇ |
| કેશવલાલ માનચંદ | વાડીલાલ સખીદાસ | ભુરાભાઇ અભેચંદ |
| ખીમચંદ ફુલચંદ | ડાહ્યાભાઇ ચુનીલાલ | બાદરભાઇ માણેકચંદ |
| ન્યાલચંદ લખમીચંદ | મણીલાલ મગનલાલ | ઓધવજી ગીરધર |
| જેઠુભાઇ ઝુંમચંદ | મણીલાલ ત્રીકમદાસ | શુરચંદભાઇ પરસોત્તમ |
| પ્રેમચંદભાઇ જેચંદભાઈ | મણેશભાઇ કાલુરામ | સખાભાઈ દુલભરામ |
| હઉશીલાલ પાનાચંદ | પરસોત્તમ રાયચંદ | કેશવલાલ ઉમેદચંદ |
| કલ્યાણચંદ કેશવજી | કંકુચંદ ખુશાલચંદ | સોમચંદ ભગવાનદાસ |
| બહેચરદાશ દુલવદાસ | કેશવલાલ લાલચંદ | મનંશુખરામ અમૃતલાલ |
| મંગલદાસ જમનાદાસ | ઝવેરભાઇ ગરબડભાઇ | મગનલાલ હરજીવનદાસ |
| જેસીંગભાઇ ફુલચંદ | કકલચંદ ગુમાનચંદ | નગીનદાસ જેઠાભાઇ |
| વેલજીભાઇ સ્યામજી | શ્રી જૈનલાયબ્રેરીસાંતલપુર | લાલભાઇ કરમચંદ |
| મોહનલાલ તારાચંદ | હરગોવિંદ કરશનદાસ | લલ્લુભાઇ વિરચંદ |
| વાડીલાલ દીપચંદ | મણીલાલ મનસુખરામ | કચરાભાઈ મોતીચંદ |
| ભુદરભાઇ તલકશી | કાલીદાસ મુલચંદ | નાથાભાઇ જેચંદ |
| જગજીવન હરજીવનદાસ | વખતચંદ રેવાજી | ભાયચંદ ઝુમચંદ |
| કાલીદાસ ગોતમદાસ | કકલભાઇ લવજીભાઇ | નાથાલાલ જમનાદાસ |
| નંદલાલ બહેચરદાસ | શ્રી જૈનલાયબ્રેરી ભોયણી | રણછોડદાસ ગોરધનદાશ |
| દોલતચંદ જીવરાજ | મુલચંદભાઇ રવચંદ | જીવરાજ હાથીચંદ |
| જીવરાજ માવજી | શંકરલાલ પીતામ્બર | ડુંગરદાસ બીખાભાઈ |
| પ્રેમચંદ વકતાજી | પ્રભુદાસ જેશીંગભાઇ | ત્રિચંદભાઇ બહેચરદાસ |
| જેશીંગભાઇ માનચંદ | મોતીલાલ ચતુરદાસ | નેમચંદભાઇ પીતામ્બરદાસ |
| દલસુખભાઇ નગીનદાસ | હરજીવનદાસ ગુલાબચંદ | મીઠાલાલ ઉજમલાલ |
| જસરાજ ફુલચંદ | જમનાદાસ સુરચંદ | બાપુલાલ લાલચંદ |
| વિઠ્ઠલદાસ બહેચરદાસ | જેચંદભાઇ ખીમચંદ | ફકીરચંદ કેશવલાલ |
| મોહનલાલ લખમીચંદ | ભોગીલાલ ગુલાબચંદ | રામશુખ મોંગીલાલ |
| કમળશી ગુલાબચંદ | શીવલાલ માણેકચંદ | જીવણલાલ ત્રીકમદાસ |
| મનસુખરામ મુલચંદ | જેશીંગભાઇ બહેચરદાસ | છગનલાલ બહેચરદાસ |
| નરસીંહભાઇ લલુભાઇ | આશારામ ગહેલાભાઇ | ભુરાભાઇ ત્રીભોવનદાસ |

| | | |
|---|---|---|
| જેઠાલાલ ગુલાબચંદ | કોદરભાઇ સાંકલચંદ | હરિચંદ માણેકચંદ |
| મોહનલાલ ગીરધરભાઇ | વૃદ્ધિચંદ રામચંદ | ભોગીલાલ હરજીવનદાસ |
| માણેકચંદ પદમશી | મોહનલાલ કાલીદાસ | અમથાલાલ સુરચંદ |
| મણીલાલ મગનલાલ | કેશવજી પ્રેમચંદ | ગીરધરલાલ નથુભાઇ |
| પોપટલાલ હેમચંદ | જગાભાઇ ઉમાભાઈ | નગીનદાસ વર્ધમાન |
| રતનચંદ ગહેલશા | છગનચંદ ઇચ્છાચંદ | વિરચંદભાઇ દેવચંદ |
| બાલાભાઇ છગનલાલ | જુઠાભાઇ રામચંદ | માનચંદ હિરાભાઇ |
| ફુલચંદ વરજીવનદાસ | કેશવલાલ પુરસોતમ | વાડીલાલ મગનલાલ |
| ડાહ્યાભાઇ પ્રેમચંદ | મણીલાલ પ્રેમચંદ | મગનલાલ કરમચંદ |
| જેશીંગભાઇ છોટાલાલ | છગનલાલ બહેચરદાસ | લખમીચંદ લલ્લુભાઇ |
| શીવલાલ વેલશીભાઇ | પ્રેમચંદ મીસરીમલ | શકરચંદ હિરાચંદ |
| કેશવલાલ નગીનદાસ | નેમચંદ નગીનદાસ | મગનલાલ બાલજી |
| મગનલાલ હકમચંદ | બાપાલાલ નહાલચંદ | કેશવલાલ બાપુજી |
| કાલીદાસ તેજાજી | જમનાદાસ સવચંદ | લલ્લુભાઇ મનોરદાસ |
| ભુરાભાઈ ઉમેદરામ | નાથાલાલ બલાખીદાસ | દેવજીભાઇ પાસવીર |
| નાથાલાલ જગજીવનદાસ | મણિલાલ મોહનલાલ | વિમળભાઇ છગનલાલ |
| મગનલાલ ભીખાચંદ | ગટાભાઇ ઉમેદચંદ | અમૃતલાલ કાલીદાસ |
| ડાહ્યાભાઇ મનસુખરામ | મણીલાલ પુંજાભાઇ | ચીમનલાલ પુરસોતમ |
| ડાહ્યાભાઇ જમનાદાસ | ઘેલાભાઈ પ્રેમચંદ | જેશીંગભાઇ કાલીદાસ |
| ચુનીલાલ રેવચંદ | મગનલાલ પીતામ્બરદાસ | નાથાલાલ કરમચંદ |
| લલ્લુભાઇ ફકીરચંદ | સાંકલચંદ ગહેલાભાઇ | ગોકલભાઇ ઉમેદચંદ |
| ઘેલાભાઈ પાનાચંદ | જીવાભાઇ અમથાશા | વાડીલાલ તારાચંદ |
| કેશવલાલ પ્રેમચંદ | જેચંદભાઇ દોલતરામ | ડાહ્યાભાઇ ભગુભાઇ |
| રવચંદ ડાહ્યાભાઇ | ફતેચંદ પ્રેમચંદ | મોહનલાલ અમીચંદ |
| ચીમનલાલ બકોરદાસ | છોટાલાલ પુંજાશા | મોહનલાલ ચુનીલાલ |
| ચીમનલાલ નહાનશા | મગનલાલ લખમીચંદ | બાલાભાઇ નથુભાઇ |
| ચીમનલાલ છોટાલાલ | ભોગીલાલ કાલીદાસ | કાલીદાસ ઉમાભાઇ |
| પોપટલાલ કેવલદાસ | લાલભાઇ ફકીરભાઇ | મોહનલાલ છોટાલાલ |
| ડાહ્યાભાઇ સવચંદ | ભોગીલાલ ઘેલસાજી | મનસુખભાઇ હકમચંદ |
| શેઠ કસ્તુરભાઇ મણિભાઇ | શેઠ રતિભાઇ લલ્લુભાઇ | મોહનલાલ છગનલાલ |
| નેમચંદ છોટાલાલ | છોટાલાલ કાલીદાસ | ત્રીકમલાલ આલમચંદ |
| મહાસુખરામ નરસીંહજી | સાંકલચંદ રતનચંદ | છોટાલાલ વખતચંદ |

( બાકીનાં હવે પછી. )

# વધારો.

## ( બોર્ડીંગ પ્રકરણ. )

અમોને જણાવતાં આનંદ થાય છે કે વિશાશ્રીમાલી જ્ઞાતિના શા. લક્ષ્મીચંદ લલ્લુભાઈએ પોતાને ઘેર પુત્ર લગ્નના પ્રસંગે બોર્ડીંગના વિદ્યાર્થીઓને બોલાવી પતાસાં વહેંચ્યાં હતાં તથા બોર્ડીંગના લાભાર્થે રૂ ૫૧) આપ્યા હતા.

આ પ્રસંગે તેઓ સાહેબે અત્રેની જૈનકન્યાશાળાની બાળાઓને પણ બોલાવી હતી ને દરેક બાળાઓને ઝરમર સીલ્વરની તાસકો પતાસાં ભરી વહેંચી હતી તથા કન્યાશાળાને રૂ ૨૫) ની મદદ આપી હતી. આ પ્રસંગે શા. લક્ષ્મીચંદના ભાઇ શા. ડાહ્યાભાઈ લલ્લુભાઇએ બોર્ડીંગને રૂ ૨૫) આપ્યા હતા.

અમો સર્વ જૈનબંધુઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે સર્વ બંધુઓએ આવા શુભટાણા જેવા પ્રસંગે આવી અગત્યની સંસ્થાઓને યથાશક્તિ મદદ કરી જોઇએ અને મંગલકાર્યના ફલિતાર્થમાં વિદ્યાર્થીઓના આશીર્વાદ લેવા જોઇએ.

અમો આ સ્થળે જણાવવા રજા લઇએ છીએ કે આ જ્ઞાતિની વિશાશ્રી-માલી કલબ તરફથી કલબના સેક્રેટરી વકીલ પોપટલાલ અમથાશાની મારફત બોર્ડીંગમાં ભણતા ત્રણ વિદ્યાર્થીઓને વાર્ષિક સ્કુલરી માટે રૂ.૮૮–૦–૦ ની મદદ આપવામાં આવી છે આને માટે અમો કલબનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

કોઇ પણ સમાજ, કોઇપણ વ્યક્તિ, કોમ, દેશ કે રાજ્યનો ઉદય કેળ-વણીથીજ થવાનો છે એ નિર્વિવાદ છે. આ સ્થુલ દેહમાં જેમ નાક અગ્રગણ્ય શોભા અર્પે છે તેમજ મનુષ્યોમાં કેળવણી એજ તેમને દિપાવનાર અલંકાર છે માટે કેળવણીના વૃક્ષને પોષવાની વિશેષ અગત્યતા છે. જે બંધુઓને ન્યુસપેપરો, માસિકો તેમજ વર્તમાનપત્રો વિગેરે વાંચવાનો શોખ હશે અગર જેઓ સાહેબે કોમની સ્થિતિનું બારીક અવલોકન કર્યું હશે તેઓ સાહેબને વિદિત હશે કે દુનિયાની ઘણી ખરી અન્ય કોમની સરખામણીમાં આપણી કોમ કેવી પશ્ચાત સ્થિતિ ભોગવે છે માટે બંધુઓ જમાનાને અનુસરી તનમન અને ધનથી કેળવણીના વિષયને ઉત્તેજન આપો અને આપના હૃદયકમળમાં રૂપેરી અક્ષરે અક્ષરશઃ કોતરી રાખશો કે **કોમનો ઉદય કેળવણીથીજ થવાનો છે.**

છેવટ શા. લક્ષ્મિચંદ તથા શા. ડાહ્યાભાઇ એ રૂ. ૭૫ ) બોર્ડીંગને મદદ આપી છે માટે તેઓ સાહેબનો અમો આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે સર્વ કોમના સદ્‌ગૃહસ્થો આનું અનુકરણ કરશે.

### જમણ.

ઉપરોક્ત શા. લક્ષ્મિચંદના પુત્રના લગ્નની ખુશાલીમાં તથા શેઠ મણિ-ભાઇ જેશીંગભાઇના ચિં. બાબાસાહેબના લગ્નની ખુશાલીમાં બોર્ડીંગના વિદ્યા-ર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

તૈયાર છે. તૈયાર છે.

## શ્રીમદ્ બુદ્ધિસાગરજીકૃત

# નવીન ગ્રન્થ

## ભજન પદ કાવ્યસંગ્રહ ભાગ ૫ મો.

આ ગ્રન્થમાં વૈરાગ્ય, સમતા ધ્યાન અને આત્મજ્ઞાનનાં અપૂર્વ ભજનો સમાયેલાં છે. તેમજ આત્મભાવ, આત્માની અનેક પ્રસંગે થતી સ્ફુરણાઓ અને પ્રસંગોપાત ઉપયોગી પત્રોને ગજલના રૂપમાં રચેલાં છે ને પ્રથમના ચાર ભાગ કરતાં પણ આ ગ્રન્થમાં અધિક ઉત્તમતા આવેલી છે. વળી આ પુસ્તકમાં જ્ઞાનદીપિકા નામનો ગદ્યમાં લખેલો ગ્રન્થ પણ સામેલ કર્યો છે. જેમાં જૈન ધર્મનું સામાન્ય સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે.

કીંમત ૦–૮–૦ લખો–**વ્યવસ્થાપક. " બુદ્ધિપ્રભા. "**

---

## શ્રી ભાવપ્રકાશ સંભવ જિનમંડળ તથા શ્રી બુદ્ધિસાગરજી જૈન પાઠશાળાનો વાર્ષિક મેળાવડો.

અત્રે આવેલા ઝવેરીવાડે આંબલી પોળના ઉપાશ્રયમાં ઉક્ત મંડળનો વાર્ષિક મહોત્સવ ઘણી ધામ ધુમથી કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં મંગલાચરણ કર્યા બાદ મી. હીમતલાલ મગનલાલે વાર્ષિક રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ સદરહુ પાઠશાળાના વિદ્યાર્થીઓએ તથા બોર્ડીંગના વિદ્યાર્થીઓએ તેમજ પાદરાકર મી. મણીલાલ મોહનલાલે 'જ્ઞાન' વિષે અસરકારક ભાષણ કર્યું હતું. તદનંતર શેઠજી સાહેબ જીવણભાઈ ધરમચંદને હસ્તે વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યાં હતાં; પશ્ચાત્ સભા વિસર્જન થઇ હતી.

---

## શું તમોને નોવેલ યાને રસિક કથાઓ વાંચવાનો શોખ છે?

### જો ઇચ્છા થતી હોય તો વાંચો

## પન્યાસજી શ્રી કેસરવિજયજીએ લખેલ

# મલયાસુન્દરી.

આનંદ સાથે બોધ આપનાર ઉત્તમ ગ્રન્થ એક વખત હાથમાં લીધા પછી પુરો થાય ત્યાં સુધી છોડવો ગમે નહિ તેવો, જેની ફક્ત એક માસમાં ૧૦૦૦ નકલ ખપી ગઇ છે. જે ૨૮૦ પાનાનું ૩૫ ફર્માનું પાકી બાઇન્ડીંગવાળું દળદાર પુસ્તક છે, તેની કીંમત માત્ર રૂ. ૦–૧૦–૦ છે અને બુદ્ધિપ્રભાના ગ્રાહકોને તો તેથી પણ સસ્તી કીંમતે માત્ર રૂ. ૦–૬–૦ મળશે. સીલીકમાં નકલો થોડી છે માટે તાકીદે લખો.

**બુદ્ધિપ્રભા ઓફીસ.**

નાગોરીસરાહ––**અમદાવાદ.**

# બોર્ડીંગને રૂ ૧૦૦૦) ની ઉદાર સખાવત.

અમોને જણાવતાં અતિ આનંદ થાય છે કે વિશનગર નિવાસી મુંબાઇ વાળા શ્રીયુત શેઠ. મણીભાઇ ગોકલભાઇ મુલચંદ તરફથી બોર્ડીંગને રૂ. ૧૦૦૦) ની ઉદાર મદદ મલી છે. આને માટે શ્રીયુત શેઠને અમો ખરા અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ.

આ શેઠ સાહેબે આજથી આશરે બે માસ ઉપર આ બોર્ડીંગની મુલાકાત લીધી હતી. તે દરમિઆન જો કે તેઓ સાહેબે મદદના ઉદગારો મુખેથી પ્રદર્શીત કર્યાં નહોતા તોપણ તેઓ સાહેબની મુખાકૃતિ ઉપર બોર્ડીંગ પ્રત્યે લાગણી છવાઇ રહેલી હોયની, એવું અમને અનુમાન થયું હતું જે આજે પ્રત્યક્ષ રૂપમાં જોઇ અમોને સહર્ષીત રૂદયે કહ્યા વિના ચાલતું નથી કે તેઓ સાહેબ ખરેખર એક દ્રઢ ધર્મી, વિર પુત્ર રત્ન, વિદ્યા દેવીના ઉપાસક, દયાળુ, પરોપકારી; અને ગંભીર છે.

તેઓશ્રીના પિતાશ્રીએ શ્રી બનારસ યશોવિજયજી જૈન પાઠશાળાને રૂ ૨૫૦૦૦) ની ગંજાવર રકમ પાઠશાળાના મકાન માટે આપી છે તેમ બીજી પણ પાઠશાળાને મદદ કરી છે. વળી શ્રીયુતે મુંબાઇમાં એલ્ફીસ્ટન્ટરોડ ઉપર રૂ. ૧૫૦૦૦૦ ) દોઢ લાખના ખરચે પોતાના પિતાશ્રીના નામથી જૈન હોસ્ટલ બાંધી "પિતાની મુરાદ પાર પાડનાર" તરીકેનું ઉમદા બિરૂદ મેલવ્યું છે. વળી મહેસાણામાં શ્રી વીરબાઇ નામની જૈન પાઠશાળા ચાલે છે તે પણ તેઓશ્રીના કુટુંબનેજ આભારી છે. આવી રીતે તેઓ સાહેબે કેળવણીના વિષયને ઉત્તજન આપી જૈન સમાજમાં એક અનુપમ દાખલો બેસાડયો છે. જે સર્વ શ્રીમાનોએ અનુકરણ કરવા યોગ્ય છે.

આ શ્રીયુતમાં કાર્યને અવલોકી, તેની સ્થિતિ જોઇ, ભવિષ્યના ફળનો વિચાર કરી યોગ્ય સખાવત કરવાની પ્રસંશનીય ટેવ છે. જે જોઇ અમોને ઘણો આનંદ થાય છે.

આ સ્થળે અમો અમારા જૈન બંધુઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આપ સર્વે બંધુઓ આ સંસ્થાને આવી રીતે પોતપોતાની શકિત અનુસાર મદદ કરશો. આપ સર્વેને વિદિત હશે કે આ સંસ્થા કોઇ અમુકની કે કોઇ અમુક વ્યક્તિની નથી પરંતુ તે સર્વે સંઘની છે એટલે આપ સર્વેની છે. જો સર્વે બંધુ તેને પોત પોતાથી બનતી મદદ કરશે તો તેને બળ પોષણ સારૂં મળશે.

છેવટ અમો શ્રીયુત શેઠ મણિભાઇને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આપે બોર્ડીંગના ચાલુ ખરચમાં વાપરવા રૂ. ૧૦૦૦) એક હજારની મદદ આ સાલ આપી છે તેવી રીતે પ્રસંગોપાત આ બોર્ડીંગને મદદ આપી આભારી કરશો એવી અમો અમારા અંતઃકરણથી આશા રાખીએ છીએ ઇત્યલમ.